# દુષ્કાળગ્રસ્ત વિસ્તારના આદિવાસીઓની સ્થિતિ

## (ખેડબ્રહ્મા તાલુકાના પોશીના વિસ્તારના ગામો)

: અહેવાલ લેખન :

શ્રી બચુભાઈ બરંડા

શ્રી કાન્તિલાલ મકવાણા

: સંપાદન :

ચંદ્રકાંતભાઈ બા. ઉપાધ્યાય

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર

ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦ ૦૧૪

363

૨૦૦૧

# નિવેદન

ગુજરાતે છેલ્લા કેટલાક દાયકાઓમાં ન જોયો હોય તેવો સતત ત્રીજા વર્ષમાં લંબાયેલો દુષ્કાળ જોયો છે. અને તેનો સામનો કરવાની પરિસ્થિતિ તેની સામે આવી પડી છે. આ પરિસ્થિતિનો મુકાબલો કરવાની દ્રષ્ટિએ સઘન રાહતનું તંત્ર, કેન્દ્ર, રાજ્ય, જિલ્લા, તાલુકા અને ગામકક્ષાએ સૈદ્ધાંતિક દ્રષ્ટિએ તો ઠીક ઠીક અસરકારક કહી શકાય તેવું ગોઠવાયુ છે પણ પ્રત્યક્ષ વ્યવહારમાંના તેના અમલીકરણમાં અનેક કક્ષાએ કેટલીક ક્ષતિઓ જોવા મળે છે. આવા સંજોગોમાં આ કેન્દ્રના ભૂતપૂર્વ નિયામકશ્રી ડૉ. સિદ્ધરાજભાઈ સોલંકીએ દુષ્કાળગ્રસ્ત સાબરકાંઠા વિસ્તારના આદિવાસી કુટુંબોના સભ્યોના મૃત્યુ ભૂખમરાથી ખરેખર થયેલ છે કે કેમ તે અંગે અભ્યાસ કરવાનુ સૂચવ્યું હતું.

પ્રસ્તુત અભ્યાસ માટે સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકાના પોશીના વિસ્તારના ગામોમાં ચાલતા રાહતકામોમાં કામ કરતા મજૂરો તથા તાલુકાના પદાધિકારીઓ અને કર્મચારીઓનો જે સહકાર મળ્યો છે તેને ભૂલી શકાય નહીં. તેમજ આ અભ્યાસ માટે જે આદિવાસી ગામોમાં જવાનું થયુ હતું તે ગામોના કુટુંબોના વડાઓએ જે સાથસહકાર આપ્યો છે તેમનો પણ અમે હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

આ કેન્દ્રના નિયામકશ્રી ચંદ્રકાન્ત ઉપાધ્યાય કે જેઓએ ખૂબ જ યોગ્ય સમયે અભ્યાસ પૂર્ણ કરવામાં રસપૂર્વક સલાહ સૂચન આપી અહેવાલ લેખનના અંત સુધી જે પ્રોત્સાહન આપ્યુ તે બદલ તેઓના અમે ઋણી છીએ. અભ્યાસની હસ્તપ્રત જોઈ જરૂરી સૂચનો કર્યા હતાં. તેઓના તથા કેન્દ્રના અન્ય સેવકો જેઓ પ્રસ્તુત અભ્યાસમાં અનેક રીતે સહાયભૂત બન્યા છે તે સૌના અમે હૃદયપૂર્વક આભારી છીએ.

આદિવાસી સંશોધન અને તાલીક કેન્દ્ર

તા.

શ્રી બચુભાઈ બરંડા

શ્રી કાન્તિલાલ મકવાણા

# અનુક્રમણિકા


| પ્રકરણ | વિગત | પાના નંબર |
|---|---|---|
| ૧ | **પ્રસ્તાવના**<br>● અભ્યાસના હેતુઓ<br>● એકમ પસંદગી<br>● નિરીક્ષણ<br>● મુલાકાત | ૧ થી ૫ |
| ૨ | **પ્રાદેશિક પરિચય**<br>● સાબરકાંઠા જિલ્લાનો પરિચય<br>● ખેડબ્રહ્મા તાલુકાનો પરિચય<br>● ક્ષેત્રકાર્યના ગામોનો પરિચય | ૬ થી ૧૨ |
| ૩ | **દુષ્કાળની સ્થિતિ અને સરકારના પ્રયત્નો**<br>● પ્રાસ્તાવિક<br>● દુષ્કાળ એટલે શું ?<br>● ૧૯૯૯-૨૦૦૦માં રાજ્યમાં અછતની પરિસ્થિતિ<br>● રાજ્યમાં અછતગ્રસ્ત ગામોની સંખ્યા<br>● સાબરકાંઠા જિલ્લામાં દુષ્કાળની સ્થિતિ<br>● પોશીના વિસ્તારમાં દુષ્કાળગ્રસ્ત સ્થિતિ<br>● રાજ્ય સરકારના પ્રયત્નો<br>● રાજ્ય સરકારે લીધેલા મહત્વના નિર્ણયો | ૧૩ થી ૨૪ |
| ૪ | **રાહતકામ પર થયેલા ભૂખમરામાં મૃત્યુના કિસ્સા અભ્યાસ**<br>● કિસ્સા અભ્યાસ<br>● રાહતકામ પરની પરિસ્થિતિના લોકોના પ્રતિભાવો | ૨૫ થી ૩૩ |
| ૫ | **તારણો અને સૂચનો**<br>● તારણો<br>● સૂચનો | ૩૪ થી ૩૭ |

પ્રકરણ - ૧

# પ્રસ્તાવના

- અભ્યાસના હેતુઓ
- એકમ પસંદગી
- નિરીક્ષણ
- મુલાકાત

## પ્રકરણ - ૧

# પ્રસ્તાવના

ગુજરાત, રાજસ્થાન સહિત દેશના અન્ય ભાગોમાં બે હજાર સાલના દુષ્કાળમાં આશરે ૫ કરોડથી વધુ લોકો દુષ્કાળગ્રસ્ત બન્યા છે. તેમને ખુલ્લા દિલથી ફાળો આપવા ટેલીવીઝન અને રેડિયો પર રાષ્ટ્રને સંબોધતા વડાપ્રધાનશ્રી અટલબિહારી બાજપાઈએ કહ્યું હતુ કે "ગુજરાત.. ઉત્તરભાગ તથા સરહદના રાજસ્થાનમાં પાકનો સંપૂર્ણ નાશ થઈ ગયો છે. નદી, ડેમ અને જળસંશોધનસ્ત્રોતો બિલકુલ સુકાઈ ગયા છે, પશુઓ માટે ઘાસચારો નથી તથા પૂર્વપટ્ટીમાં આવેલા ગામોમાં પુરુષો મહિલાઓ અને બાળકો ભૂખ્યા છે." તેઓએ કબૂલાત કરી હતી કે દુષ્કાળની પરિસ્થિતિ અત્યંત વિકટ છે અને મોટી સંખ્યામાં લોકો અને પશુઓને તાત્કાલીક રીતે સહાયની જરૂર છે.

ગુજરાત રાજય અછતની ગંભીર પરિસ્થિતિમાં મુકાઈ ગયુ છે. સૌરાષ્ટ્ર-કચ્છ અને ઉત્તર ગુજરાત ઉપરાંત આદિવાસી વિસ્તારોમાં દુષ્કાળની પરિસ્થિતિએ ભરડો લીધો છે. મૂંગા ઢોર માટે ઘાસચારો નથી. લોકોને પીવા માટે પાણી નથી, આઠ-દસ કિલોમીટર દૂરથી પાણી લાવવું પડે તેવી પરિસ્થિતિ કેટલાય ગામોમાં છે. પીવા માટેનું પાણી મેળવવા આંખમાં પાણી આવી જાય છે. પાણી-ઘાસચારો અને રોજીરોટીના અભાવે હીજરત શરૂ થઈ ત્યારબાદ રોજીરોટી માટે રાહત કામો શરૂ કરવામાં આવ્યાં. વર્તમાન પત્રોમાં આવ્યા મુજબ ભૂખમરાના કારણે પોશીના વિસ્તારમાં બે આદિવાસીઓના મૃત્યુ થયા ત્યારે (જયહિંદ પેપર ૨૬,૨૭ એપ્રિલ, ૨૦૦૦) સમગ્ર આદિવાસી સમાજ ક્ષુબ્ધ થઈ ગયો અને રાજયતંત્ર ખળભળી ઉઠયું. ત્યાર પછીના રોજબરોજના દુરસંચારના માધ્યમો, જાહેર સમાચાર પત્રોના રિપોર્ટરો, ટેલીવીઝનની ચેનલો, વિવિધ પક્ષોના નેતાઓ સામાજિક કાર્યકરો અને સ્વૈચ્છિક સંસ્થાના સંગઠનો સદીના આ કારમા દુષ્કાળની સ્થિતિથી લોકોને વાકેફ કરવા લાગ્યા. આવા સંજોગોમાં આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર આદિવાસીઓની સમસ્યાઓ અને તેના વિકાસ પર કામ કરતુ હોવાથી દુષ્કાળગ્રસ્ત એક વિસ્તારને કેન્દ્રમાં રાખીને નિયામકશ્રીએ દુષ્કાળગ્રસ્ત આદિવાસીઓની પરિસ્થિતિના ચિત્રનો અભ્યાસ કરવા માટે સૂચન કર્યું. આ સૂચનના અનુસંધાને સાબરકાંઠાના ખેડબ્રહ્મા તાલુકાના પોશીનાથી અંદરના ગામોમાં રહેતા આદિવાસીઓની સ્થિતિ વિશે અભ્યાસ કરવાનું નક્કી કર્યું અને વિગતવાર માહિતીઓ સંશોધન માટે એકત્ર કરવામાં આવી હતી.

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રનું કામ તો આદિવાસીઓની સ્થિતિને પ્રકાશમાં લાવવાની છે અને તેથીજ ગુજરાતના ખાસ દુષ્કાળગ્રસ્ત ગણાતા જિલ્લામાં વસતા આદિવાસીઓની પરિસ્થિતિગત અભ્યાસ કરવાનું વિચાર્યુ હતું. આ સિવાય આ અભ્યાસના કેટલાક ખાસ ઉદેશો રાખવામાં આવ્યા હતા.

**અભ્યાસના હેતુઓ :**

(૧) આદિવાસી કુટુંબો કે જેઓ સામાજિક, આર્થિક સમસ્યાઓથી પીડાય છે તેઓ દુષ્કાળની વિશિષ્ટ સ્થિતિમાં શુ કરે છે, શુ વેચે છે, શુ ગુમાવે છે અને શુ મેળવે છે તે જાણવું.

(૨) દુષ્કાળગ્રસ્ત સ્થિતિમાં અછત બધાજ પ્રકારની ઉદ્ભવે છે પરંતુ તે ખાસ પ્રાથમિક જરૂરિયાતો જેવી કે પાણી, ખોરાક, રહેઠાણ, પશુ માટે ઘાસ વગેરેની અછતની તિવ્રતા તપાસવી.

(૩) આદિવાસી વિસ્તારમાં ચાલતી સસ્તા અનાજની દુકાનમાંથી આવા કપરા સમયમાં જીવન જરૂરિયાતવાળી વસ્તુ મળે છે કે કેમ તે તપાસવું.

(૪) આ પરિસ્થિતિમાં લોકો પર તેની માનસિક સામાજિક અને શારિરીક અસરોનો તાગ મેળવવો.

(૫) દુષ્કાળની પરિસ્થિતીને પહોંચી વળવા સરકારી, સ્વૈચ્છિક સંગઠનો તથા અન્ય પ્રયાસો થઈ રહ્યા છે તેનું સ્થિતિગત મૂલ્યાંકન કરવું.

(૬) સરકારે આદિવાસી વિસ્તારમાં જે રાહતો જાહેર કરી છે તે બરાબર મળે છે કે કેમ તે તપાસવું.

(૭) આવી સ્થિતીને પહોંચી વળવા તાત્કાલિક શું થઈ શકે તથા તેનો કાયમી ઉકેલ શું હોઈ શકે તે માટેનાં કટોકટીનું વ્યવસ્થાપન કરવા માટેનુ સંસ્થાગત માળખુ તૈયાર કરવું.

(૮) દુષ્કાળમાં ચાલતા રાહત કામોમાં મજૂરોનું પૂરતું વેતન મળે છે કે કેમ તે તપાસવું અને સાથે સાથે મજૂરોને કઈ કઈ મુશ્કેલીઓ પડે છે તે પણ જાણવું.

(૯) દુષ્કાળગ્રસત વિસ્તારમાં તપાસ શરૂ કરતાં પહેલાં પોશીના વિસ્તારમાં ભૂખમરાથી મૃત્યુ થયુ છે તેની સત્યતા તપાસવી.

(૧૦) આ પરિસ્થિતીની સમગ્ર માનવજીવન ઉપર કેવી અસર પડે છે તેનાથી કેવા કેવા ફેરફારો નોંધાય છે તે જાણવા.

**એકમ પસંદગી :**

દુષ્કાળની વિષમ પરિસ્થિતિનો સામનો કરવા આદિવાસીઓના જીવનમાં કેવા કેવા આઘાતો સહન કરવા પડે છે તે જાણવા અને જોવા માટે આદિવાસી વિસ્તારને ધ્યાનમાં રાખીને સાબરકાંઠા જિલ્લામાં આવેલ ખેડબ્રહ્મા તાલુકાના પોશીના વિસ્તારના રાહતકામો ચાલતા હતા તેવા ગામો જેવા કે આંબામહુડા, કાજાવાસ. ગંછાલી, છોછર, ઉંબરવા, સેંબલીયા, નાનીઆંજણી, કાલીકાંકર, ઝંઝણાટ, કલસાપર વિગેરે ગામોને અભ્યાસ માટે આવરી લીધા હતા. સાથે સાથે આજ વિસ્તારમાં મોટા સેંબલીયા અને નાની આંજણી ખાતે ભૂખમરાથી બે આદિવાસી ભાઈઓ તથા એક નાની બાળાનું મૃત્યુ થયુ હતું. (જયહિંદ ૨૬, ૨૭ એપ્રિલ, ૨૦૦૦) આ બધાની વિગતો મેળવવા ક્ષેત્રકાર્ય કર્યું હતું.

આ તપાસ અહેવાલ તૈયાર કરવામાં અને ક્ષેત્રકાર્યમાં સેવાનિકેતનના મંત્રીશ્રી લાલજીભાઈ નિનામા તથા ત્યાંના વનઅધિકારીશ્રી હોથા તથા અસારીએ માહિતી મેળવવા માટે સાથે રહીને ઘણી મદદ કરી હતી. આ ઉપરાંત માજી ધારાસભ્ય શ્રી માલજીભાઈ ડાભી, પોશીના સ્થાનિકમાં રહેતા વિવિધ વેપારીઓ સાથે મુલાકાત લઈને લોકોની હાડમારી અંગે વિગતે માહિતી મેળવીને નોંધ કરી હતી.

કાલીકાંકરગામના આગેવાનો, વડીલો સાથે તથા દેલવાડાના ડૉ.મકવાણા અને સ્થાનિક વેપારી આગેવાનો જોડે દુષ્કાળની સ્થિતિ વિશે તથા ભૂખમરાથી ખરેખર કેવી રીતે મૃત્યુ થયું તેની માહિતી મેળવીને નોંધ કરવામાં આવી હતી. આ કારમા દુષ્કાળમાં કાલીકાંકર અને સેંબલીયા મુકામે ભૂખમરાથી જે બે પુરુષ તથા બાલીકાનું મૃત્યુ થયુ તે કુટુંબોની રૂબરૂ મુલાકાત લેવામાં આવી ત્યારે ઘરમાં સામાજિક રિવાજ મુજબ રડારોળ, ચીસાચીસનુ ડઘાઈ જાય તેવુ ચિત્ર એટલે કે કાળજું પણ કપાઈ જાય તેવું દ્રશ્ય લાગણીશીલ ઉભુ થયુ હતું.

**સંશોધનનો હેતુ :**

કોઈપણ વિષયનો વૈજ્ઞાનિક અભ્યાસ કરવા અને એ રીતે પ્રસ્તુત અભ્યાસ માટે સંશોધનની વિવિધ પ્રવિધિઓનો ઉપયોગ કરવામાં આવેલ છે.

સંશોધન વિસ્તારમાં જતાં પહેલાં દુષ્કાળ અને તેના અનુસંધાને અંકો, પુસ્તકો, અખબારો મારફત અભ્યાસ કરીને માહિતી એકત્ર કરવામાં આવી હતી. વિષયની પસંદગી પૂર્વે તેમજ પસંદ કર્યા બાદ પણ વધુ ચકાસણી માટે સંદર્ભગ્રંથો, સામાજિક સંશોધનના પુસ્તકો, સામાયિકો, ઉપલબ્ધ લેખો અહેવાલો આ ઉપરાંત આદિવાસીઓના પ્રશ્નોને લગતુ સાહિત્ય વગેરેનો અભ્યાસ કરી વિષયના સંદર્ભમાં સ્પષ્ટતા પ્રાપ્ત કરવામાં પ્રયત્ન કરેલ છે. આ ગ્રંથાલયકાર્ય પાયાના રૂપથી મદદરૂપ બની છે. કેમકે તેનાથી આ સંરચનાત્મક, પ્રકાર્યાત્મક અભિગમથી કરવામાં આવનાર પ્રાયોજના છે. પ્રસ્તુત અભ્યાસ માટે એક સાદુ કુટુંબપત્રક બનાવવામાં આવ્યુ હતું જેમાં વિષય-સંબંધી પાયાની માહીતી આદિવાસી કુટુંબો પાસેથી મેળવવામાં આવી હતી. મુખ્યતઃ નિરીક્ષણ ઉપર વિશેષ ભાર મૂક્યો છે તે માટે એક મુલાકાત માર્ગદર્શિકા પણ તૈયાર કરવામાં આવી હતી. રાહતકામનું સ્થળ. રાહતકામનો પ્રકાર, વાતાવરણ, ઉપલબ્ધ સેવાઓ, તેની અનુકૂળતા પ્રતિકૂળતા, રાહતકામ પર આવતા શ્રમજીવીઓની પ્રતિક્રિયાઓ તેઓની સમસ્યાઓ સામે બાથ ભીડવાની માનસિક તૈયારીઓનુ બારીકાઈથી નિરીક્ષણ કરેલ છે. તે માટે શક્ય એટલુ સહભાગી નિરીક્ષણ કરાયુ છે. અભ્યાસ હેઠળ આવરી લેવામાં આવેલા પાયાની સુવિધા અંગે તથા દુષ્કાળ સંબંધી વિગતો મેળવવા માટે ગામપત્રક પણ તૈયાર કરવામાં આવ્યું હતું.

**નિરીક્ષણ :**

નિરીક્ષણ કરવાની ક્રિયા આપણા જાગૃત જીવનની અનિવાર્ય પ્રક્રિયા છે. સામાન્યરીતે આપણે સૌ આપણી આસપાસના જીવનનું નિરીક્ષણ કરતા હોઈએ છીએ. આ રીતે નિરીક્ષણ એ આપણા રોજીંદા જીવનની એક સાહજિક બાબત તો છે જ ઉપરાંત વૈજ્ઞાનિક માહીતી મેળવવા માટે પણ નિરીક્ષણ એક પ્રાથમિક સ્ત્રોત છે. આ અભ્યાસમાં નિરીક્ષણ તથા સહભાગી નિરીક્ષણ પ્રક્રિયા દ્વારા વિશેષ ભાર મૂકયો છે. કેટલીક વિગતો જાહેરમાં નોંધ ન કરતાં આનો ઉપયોગ કરીને પાછળથી નોંધ તૈયાર કરી વિગતવાર અહેવાલ તૈયાર કરવામાં આ પ્રવિધિનો ખૂબ જ ઉપયોગ કર્યો છે.

**મુલાકાત :**

મુલાકાત એ અગત્યની પ્રવિધિ છે. આ તપાસ વિષયના સંદર્ભમાં માહીતી એકત્ર કરવા માટે ગામપત્રક તથા અનુસૂચિના માધ્યનથી જુદા જુદા મુલાકાતીઓ સાથે પ્રત્યક્ષ રીતે રાહતકામના સ્થળે તથા તેઓના ઘરે મળીને માહીતી મેળવી છે. શિક્ષકો, ગ્રામ આગેવાનો, સરપંચ, સમાજકાર્યકરો સાથે મિટીંગ કરીને ત્યાંની સ્થાનિક બોલીનો તથા ત્યાંના કાર્યકરોનો ઉપયોગ કરીને માહિતી લેવામાં આવી છે. આ તપાસ અહેવાલ તૈયાર કરવા માટે અભ્યાસના હેતુઓ સમજાવીને ઉત્તરદાતાઓ પાસેથી માહિતી મેળવવા માટે પ્રયત્ન કર્યો છે.

प्रकरण - २

# प्रादेशिक परिचय

- સાબરકાંઠા જિલ્લાનો પરિચય
- ખેડબ્રહ્મા તાલુકાનો પરિચય
- ક્ષેત્રકાર્યના ગામોનો પરિચય

- પોશીના
- છોછર
- આંજણી
- કાલીકાંકર
- ઝીંઝણાટ
- આંબા-મહુડા
- મામાના પીપલા

પ્રકરણ - ૨

# પ્રાદેશિક પરિચય

ગુજરાત રાજ્યના કુલ ૨૫ જિલ્લાઓમાંનો એક જિલ્લો સાબરકાંઠા જિલ્લો છે. આ જિલ્લો ૨૩°-૨° થી ૨૪°-૩૦° ઉત્તર અક્ષાંશ અને ૭૨°-૬૫° થી ૭૩°-૬૦° પૂર્વ રેખાંશ વચ્ચે આવેલો છે.

**વિસ્તાર :**

આ જિલ્લાનો વિસ્તાર ૭૩,૯૦૦ ચો.કિ.મી. હતો. આ જિલ્લાનું મુખ્ય મથક હિંમતનગરમાં આવેલુ છે. સુલતાન અહમદ પહેલાએ ઇ.સ. ૧૪૨૬માં ઈડરના રાજાને અંકુશમાં રાખવા માટે સ્થાપ્યુ હતું. સુલતાનને આ સ્થળ બહુ ગમતુ હોવાથી તેને અહમદનગર નામ આપ્યું હોવાનું કહેવાય છે. ત્યારબાદ ઇ.સ. ૧૮૮૮માં તે ઈડર રાજ્યને પાછુ મળ્યું ત્યારે ઈડરના મહારાજા હિંમતસિંહ પરથી તેનુ હાલનું નામ હિંમતનગર પડયું.

**વસ્તી :**

આ જિલ્લાની કુલ વસ્તી (૧૯૯૧ વસ્તી ગણતરી મુજબ) ૧૭,૬૧,૦૮૬ હતી, જેમાં ૮,૯૬,૦૧૦ પુરુષો અને ૮,૬૫,૦૭૬ સ્ત્રીઓ હતી. જેમાંથી ગ્રામ્ય વિસ્તારમાં કુલ વસ્તી ૧૫,૭૫,૯૧૮ હતી. તેમાં ૮,૦૦,૩૩૪ પુરુષો અને ૭,૭૫,૫૮૪ સ્ત્રીઓ હતી. શહેરી વિસ્તારમાં કુલ વસ્તી ૧,૮૫,૧૬૮ હતી, તેમાંથી ૭૫,૬૭૬ પુરુષો અને ૮૯,૪૭૨ સ્ત્રીઓ હતી. કુલ વસ્તીના ૭૦% લોકો ગ્રામ્ય વિસ્તારમાં રહેછે જેમાં આદિવાસી વસ્તી ધરાવતા ચાર તાલુકાઓ છે. અહીંના આદિવાસીઓ ડુંગરી ભીલ, ભીલ ગરાસિયા અને ચોખલા ગરાસિયા એવા ત્રણ જૂથો જોવા મળે છે. જિલ્લામાં લગભગ ૧૨૭.૧૦ ચોરસ કિ.મી. જેટલો ઉત્તર-પૂર્વના પહાડી પ્રદેશમાં વનવિસ્તાર આવેલો છે. જિલ્લાની ઉત્તર તેમજ પૂર્વની સરહદે રાજસ્થાન આવેલું છે અને બાકીના વિસ્તારમાં પંચમહાલ, ખેડા, અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, બનાસકાંઠા વગેરે જિલ્લાઓની સરહદ આવેલી છે.

**અનુસૂચિત જાતિની વસતિ :**

આ જિલ્લામાં અનુસૂચિત જાતિની કુલ વસતિ ૧,૫૨,૩૮૧ હતી. તેમાં ૭૭,૮૩૦ પુરુષો અને ૭૪,૫૫૧ સ્ત્રીઓ હતી. ગ્રામ્ય વિસ્તારમાં ૧,૩૮,૫૫૭ અને શહેરી વિસ્તારમાં ૧૩,૮૨૪ જેટલી વસતિ હતી.

**અનુસૂચિત જનજાતિની વસ્તી :**

આ જિલ્લામાં અનુસૂચિત જનજાતિની કુલ વસતિ ૩,૨૪,૧૯૯ હતી. તેમાં ૧,૬૧,૯૫૭ પુરુષો અને ૧,૬૨,૨૪૨ સ્ત્રીઓ હતી. ગ્રામ્ય વિસ્તારમાં ૩,૧૮,૬૪૨ અને શહેરી વિસ્તારમાં ૫,૫૫૭ જેટલી વસતિ હતી.

**અક્ષરજ્ઞાન ધરાવનારાઓની સંખ્યા :**

જિલ્લામાં કુલ ૮,૭૧,૪૮૯ અક્ષરજ્ઞાન અને શિક્ષિતો હતા. જેમાં ૫,૫૮,૦૨૩ પુરુષો અને ૩,૧૩,૪૬૬ સ્ત્રીઓ હતી. ગ્રામ્ય વિસ્તારમાં ૭,૪૯,૯૯૫ અને શહેરી વિસ્તારમાં ૧,૨૧,૫૯૪ જેટલી વસતિ હતી.

**કામ કરનારાઓ અને કામ નહીં કરનારાઓની સંખ્યા :**

જિલ્લામાં મુખ્ય કામ કરનારાઓની કુલ સંખ્યા ૧,૭૧,૪૮૦ની હતી જેમાં ૩,૮૨૭ પુરુષો અને ૧,૬૭,૬૫૩ સ્ત્રીઓ હતી. ગ્રામ્ય વિસ્તારમાં કુલ ૧,૬૯,૪૪૩ની હતી. જેમાં ૩,૬૬૯ પુરુષો અને ૧,૬૫,૭૭૪ સ્ત્રીઓ હતી. શહેરી વિસ્તારમાં ૨,૦૩૭માંથી ૧૫૮ પુરુષો અને ૧,૮૭૯ સ્ત્રીઓ હતી, જ્યારે કામ નહીં કરનારાઓની કુલ વસતિ ૯,૮૭,૮૮૫ની હતી. જેમાં ૪,૩૨,૬૬૯ પુરુષો અને ૫,૫૫,૨૧૬ સ્ત્રીઓ હતી. ગ્રામ્ય વિસ્તારમાં ૮,૫૫,૮૬૩ની વસતિમાંથી ૩,૮૨,૮૩૪ પુરુષો અને ૪,૭૩,૦૨૯ સ્ત્રીઓ હતી. જ્યારે શહેરી વિસ્તારમાં ૧,૩૨,૦૨૨માંથી ૪૯,૮૩૫ પુરુષો અને ૮૨,૧૮૭ સ્ત્રીઓ હતી.

**ખેડબ્રહ્મા તાલુકાનો પરિચય :**

સાબરકાંઠા જિલ્લાઓના ૧૩ તાલુકાઓમાંનો એક ખેડબ્રહ્મા તાલુકો છે. ખેડબ્રહ્મા તાલુકાનો ભૂમિવિસ્તાર ૮૪૬ ચો.કિ.મી. છે. તાલુકાની કુલ જમીન ૮૧,૮૮૬ હેકટર છે. તેમાંથી ૪૭,૭૩૦ હેકટરમાં જંગલ વિસ્તાર આવેલો છે, જ્યારે ૨૯,૩૮૪ હેકટર જમીન ખેતીલાયક છે. તાલુકાનો

---

**ભારતની વસતિ ગણતરી શ્રેણી-૭ :**

**ગુજરાત જિલ્લા વસતિ** ગણતરી પુસ્તિકા ૧૯૯૧ : સાબરકાંઠા, પાના નં.૪૨૮ થી ૪૩૩

મોટો ભાગ પહાડી અને ઉબડખાબડ છે. આ આખો પ્રાકૃતિક વિસ્તાર ૧૩૭ ગામોમાં વહેંચાયેલો છે. તેમાં મુખ્યત્વે ડુંગરીભીલ આદિવાસીઓનાં અકેન્દ્રિત ગામોનો સમાવેશ થાય છે. સન ૧૯૯૧ની વસ્તી ગણતરી મુજબ તાલુકામાં તેઓની કુલ વસ્તી ૧,૬૬,૧૫૧ માણસોની છે. તેમાં પુરુષોની સંખ્યા ૮૪,૮૬૯ અને સ્ત્રીઓની સંખ્યા ૮૧,૨૮૨ની હતી. ગ્રામ્ય વિસ્તારમાં ૧,૪૮,૯૨૦ અને શહેરી વિસ્તારમાં ૧૭,૨૩૧ની વસ્તી હતી.

ખેડબ્રહ્મા તાલુકાના ઈશાન ખૂણા તરફ રાજસ્થાન ઉદેપુર જિલ્લાનો કોટડા તાલુકો આવેલો છે, જ્યારે વાયવ્ય ખૂણે સિરોહી જિલ્લાનો સીમાડો અડે છે. દક્ષિણ દિશા તરફ સાબરકાંઠાનો વડાલી તાલુકો છે, જ્યારે અગ્નિકોણ તરફ વિજયનગર તાલુકાની સીમા શરૂ થાય છે. પૂર્વમાં રાજસ્થાન અને પશ્ચિમે બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકાની સીમા અડે છે.

**ભૂપૃષ્ઠ :**

બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકાના અરવલ્લીના ભાગરૂપ "જેસોર"ની નાની ટેકરીઓની ઊંચાઈ ખેડબ્રહ્માથી રાજસ્થાન તરફ વિસ્તરતી આ ટેકરીઓ અરવલ્લીની હારમાળાઓમાં ભળી જાય છે. જે આગળ જતાં આરાસુરની ટેકરીઓ તરીકે ઓળખાય છે. આવા પહાડી પ્રદેશમાં વર્ષોથી અરણ્યજીવન જીવતા અને સ્વતંત્ર સ્વભાવ ધરાવતા ખમીરવંતા ડુંગરી ભીલો વસે છે.

સાબરમતી સેઈ, આકળ, વિકળ, કોસંબી અને હરણાવ જેવી માતસરિતાઓથી પોષાતા આ પ્રાકૃતિક પહાડી પ્રદેશમાં તેઓ પોતાની લાક્ષણિક સંસ્કૃતિ સાથે જીવે છે. બનાસકાંઠાના દાંતા પટ્ટાથી માંડીને સાબરકાંઠાના ખેડબ્રહ્મા તાલુકાના પોશીના પટ્ટા, લાંબડિયા પટ્ટા, દેલવાડા પટ્ટા, ખેડવા પટ્ટા અને રાજસ્થાનની સરહદના અંદરના વિસ્તારમાં કોટડા છાવણી પટ્ટા, મારી પટ્ટા અને મામેર પટ્ટા સુધી તેઓના વસવાટનો પ્રદેશ ફેલાયેલો છે.

ખેડબ્રહ્મા તાલુકા, દાંતા તાલુકા અને રાજસ્થાનના છાવણી તાલુકામાં જ્યાં ડુંગરી ભીલો વસે છે ત્યાં અરવલ્લી પહાડની નાની-મોટી અવશિષ્ટ હારમાળાઓ આવેલી છે. આ ગિરિમાળાઓની તળેટીમાં તેઓ અકેન્દ્રિત રીતે ખોલરાં બાંધીને વસે છે. અહીંનું જમીન તળ મુખ્યત્વે જળકૃતમાંથી બનેલા વિકૃત ખડકો અને આછી પાતળી માટીનું બનેલું છે, જંગલો કાપવાના કારણે વરસાદથી

થયેલા ધોવાણના લીધે મોટા ભાગની ફળદ્રુપ જમીનનો નાશ થાય છે, જેથી સ્થળે સ્થળે ઉઘાડી થયેલી ગ્રેનાઈટ પથ્થરોની હારમાળાઓ નજરે પડે છે. અત્યારે તો ઉનાળામાં ઉજ્જડ જેવો લાગતો આ પ્રદેશ થોડાં વર્ષો પહેલાં ગાઢ જંગલોથી ઘેરાયેલો હતો. વરસાદમાં આ વિસ્તારમાં લીલોતરી છવાય છે અને જ્યાં જંગલો છે ત્યાં વસંતમાં પલાશ, શીમળો, ગૂગળ જેવાં વૃક્ષો પુષ્પોથી લચી પડે છે.

ઉનાળામાં ગરમી ઘણી પડે છે. પહાડી પ્રદેશના પથ્થરો તપે છે, ત્યારે લૂ ફૂંકાય છે. ચોમાસામાં ૬૦ થી ૮૦ સે.મી. વરસાદ પડે છે. આ પ્રદેશના શિયાળા ઠંડા હોય છે.

**અનુસૂચિત જનજાતિની વસતિ :**

આ તાલુકામાં અનુસૂચિત જનજાતિની કુલ વસતિ ૧,૦૪,૨૩૨ની હતી. તેમાં ૫૩,૩૮૮ પુરુષો અને ૫૦,૮૪૪ સ્ત્રીઓ હતી. ગ્રામ્ય વિસ્તારમાં ૧,૦૨,૭૩૮માંથી ૫૨,૫૩૧ પુરુષો અને ૫૦,૨૦૭ સ્ત્રીઓ હતી, જ્યારે ૧,૪૯૪માંથી ૮૫૭ પુરુષો અને ૬૩૭ સ્ત્રીઓ હતી.

**અક્ષરજ્ઞાન ધરાવતા તેમજ શિક્ષિતની સંખ્યા :**

આ તાલુકામાં અક્ષરજ્ઞાન ધરાવતા અને શિક્ષિતની કુલ સંખ્યા ૫૦,૬૧૭ની હતી. તેમાં ૩૪,૧૦૭ પુરુષો અને ૧૬,૫૧૦ સ્ત્રીઓ હતી. ગ્રામ્ય વિસ્તારમાં કુલ ૪૦,૫૯૨માંથી ૨૮,૧૦૫ પુરુષો અને ૧૨,૪૮૭ સ્ત્રીઓ હતી. જ્યારે શહેરી વિસ્તારમાં કુલ ૧૦,૦૨૫માંથી ૬,૦૦૨ પુરુષો અને ૪,૦૨૩ સ્ત્રીઓ હતી.

**કામ કરનારા અને કામ નહીં કરનારાઓની સંખ્યા :**

આ તાલુકામાં કામ કરનારાઓની કુલ સંખ્યા ૧૬,૬૮૦ની હતી. તેમાં ૪૨૬ પુરષો અને ૧૬,૨૫૪ સ્ત્રીઓ હતી. ગ્રામ્ય વિસ્તારમાં કુલ ૧૬,૩૩૦ માંથી ૩૯૪ પુરુષો અને ૧૫,૯૩૬ સ્ત્રીઓ હતી, જ્યારે શહેરી વિસ્તારમાં કુલ ૩૫૦માંથી ૩૨ પુરુષો અને ૩૧૮ સ્ત્રીઓ હતી.

---

ભારતની વસતિ ગણતરી શ્રેણી-૭ :
ગુજરાત જિલ્લા વસતિ ગણતરી પુસ્તિકા ૧૯૯૧ : સાબરકાંઠા, પાના નં.૫૧૦ થી ૫૧૭

કામ નહીં કરનારાઓની સંખ્યા કુલ ૯૩,૩૭૩ની હતી. તેમાં ૪૦,૬૨૬ પુરુષો અને ૫૨,૭૪૭ સ્ત્રીઓ હતી. ગ્રામ્ય વિસ્તારમાં કુલ ૮૧,૧૭૭ની હતી તેમાંથી ૩૬,૦૩૪ પુરુષો અને ૪૫,૧૪૩ સ્ત્રીઓ હતી. જ્યારે શહેરી વિસ્તારમાં ૧૨,૧૯૬માંથી ૮,૫૯૨ પુરુષો અને ૩,૬૦૪ સ્ત્રીઓ હતી.

આ તાલુકામાં શિક્ષણનું પ્રમાણ મહત્તમ જોવા મળે છે. આ તાલુકામાં નેરોગેજ રેલ્વેલાઈન અમદાવાદથી ખેડબ્રહ્મા સુધીની છે. તેમજ મુંબઈથી અંબાજી સુધીનો આઠ નંબરનો નેશનલ હાઈવે આવેલો છે. આ તાલુકો પ્રાચીન ધાર્મિક સ્થળ માટે પણ જાણીતો છે.

**ક્ષત્રકાર્યના ગામોનો પરિચય :**

**પોશીના :**

પોશીના ગામ સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકાનું ગામ છે. આ ગામ ૧૯૯૧ની વસ્તી ગણતરી પ્રમાણે ગામનું ક્ષેત્રફળ ૫૦૩.૪૦ ચો.કિ.મી. છે. વસવાટવાળા રહેણાંકના ઘરોની સંખ્યા ૫૮૫ની હતી, જ્યારે કુટુંબોની સંખ્યા ૫૮૫ની હતી. ગામની કુલ વસતિ ૨,૮૧૦ની હતી. તેમાં ૧,૪૫૪ પુરુષો અને ૧,૩૫૬ સ્ત્રીઓ હતી, જ્યારે અનુસૂચિત જાતિમાં કુલ ૪૬૫ની છે તેમાં ૨૪૦ પુરુષો અને ૨૨૫ સ્ત્રીઓ હતી. અનુસૂચિત જનજાતિની કુલ વસતિ ૩૦૦ની હતી. તેમાં ૧૫૭ પુરુષો અને ૧૪૩ સ્ત્રીઓ હતી. અક્ષરજ્ઞાન ધરાવતાની કુલ સંખ્યા ૧,૪૧૨ની હતી. તેમાં ૯૨૭ પુરુષો અને ૫૮૫ સ્ત્રીઓ હતી. કામ કરનારાઓની સંખ્યામાં પુરુષોની સંખ્યા શૂન્ય છે, જ્યારે ૧૧૮ સ્ત્રીઓ હતી. કામ નહીં કરનારાઓની સંખ્યા ૬૭૬ પુરુષો અને ૧,૧૮૦ સ્ત્રીઓ હતી.

ગામમાં ગ્રામપંચાયત, પ્રાથમિક શાળા, આરોગ્ય કેન્દ્ર, પીવાના પાણીની સગવડ નળ દ્વારા, કૂવા દ્વારા પ્રાપ્તથાય છે. વાહનવ્યવહાર, તાર અને ટપાલની સેવા છે.

**છોછર :**

છોછર ગામ સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકાનું ગામ છે. ગામનું ક્ષેત્રફળ ૭૩૩.૨૩ ચો.કિ.મી. છે. વસવાટવાળા રહેણાંકના ઘરોની સંખ્યા ૨૮૦ અને કુટુંબોની સંખ્યા ૨૮૦ની હતી. આ ગામની ૧૯૯૧ની વસ્તી ગણતરી પ્રમાણે કુલ વસતિ ૧,૭૧૮ની હતી. તેમાં ૮૮૦ પુરુષો

અને ૮૩૮ સ્ત્રીઓ હતી. અનુસૂચિત જાતિની વસતિ ગામમાં નથી. જ્યારે અનુસૂચિત જનજાતિની કુલ સંખ્યા ૧,૭૧૮ની હતી. તેમાં ૮૮૦ પુરુષો અને ૮૩૮ સ્ત્રીઓ હતી. અક્ષરજ્ઞાન ધરાવતાની કુલ સંખ્યા ૧૩૫ની હતી. તેમાં ૧૧૩ પુરુષો અને ૨૨ સ્ત્રીઓ હતી. કામ કરનારાઓની સંખ્યામાં પુરુષ ૧ અને સ્ત્રીઓ ૨૫૩ની હતી. કામ નહીં કરનારાઓની સંખ્યામાં ૩૫૫ પુરુષો અને ૪૫૮ સ્ત્રીઓ હતી.

**અ જણી :**

ખેડબ્રહ્મા તાલુકાનું આ ગામ છે. ગામનું ક્ષેત્રફળ ૪૩૭.૦૮ ચો.કિ.મી. છે. વસવાટવાળા રહેણાંકના ઘરોની સંખ્યા ૯૦ અને કુટુંબોની સંખ્યા ૯૦ની હતી. આ ગામની ૧૯૯૧ની વસતિ ગણતરી પ્રમાણે કુલ વસતિ ૬૭૧ની હતી. તેમાં ૩૪૬ પુરુષો અને ૩૨૫ સ્ત્રીઓ હતી. અનુસૂચિત જનજાતિમાં કુલ વસતિ ૬૬૫ની હતી. તેમાં ૩૪૨ પુરુષો અને ૩૨૩ સ્ત્રીઓ હતી. અક્ષરજ્ઞાન ધરાવતાની કુલ સંખ્યા ૧૪૩ની હતી. તેમાં ૧૧૦ પુરુષો અને ૩૩ સ્ત્રીઓ હતી. કામ કરનારાઓની સંખ્યામાં પુરુષોની સંખ્યા શૂન્ય છે. જ્યારે ૧૪૭ સ્ત્રીઓ હતી. કામ નહીં કરનારાઓની સંખ્યામાં કુલ ૨૭૭ની હતી તેમાં ૨૦૧ પુરુષો અને ૧૭૬ સ્ત્રીઓ હતી.

**કાલીકાંકર :**

ખેડબ્રહ્મા તાલુકાનું આ ગામ છે. ગામનું ક્ષેત્રફળ ૧,૨૮૩.૭૧ ચો.કિ.મી. છે. તેમાં વસવાટવાળા રહેણાંકના ઘરોની સંખ્યા અને કુટુંબોની સંખ્યા ૨૯૨ની છે. ગામની ૧૯૯૧ વસતિ ગણતરી પ્રમાણે ગામની કુલ વસતિ ૧,૬૮૬ની હતી તેમાં ૮૭૭ પુરુષો અને ૮૦૯ સ્ત્રીઓ હતી અનુસૂચિત જનજાતિની કુલ વસતિ ૧,૬૭૪ની હતી. તેમાં ૮૭૦ પુરુષો અને ૮૦૪ સ્ત્રીઓ હતી. અક્ષરજ્ઞાન ધરાવતા અને શિક્ષિતોની સંખ્યામાં ૪૮ પુરુષો અને ૮ સ્ત્રીઓ હતી. કામ કરનારાઓની સંખ્યામાં પુરુષોની સંખ્યા નથી, જ્યારે ૪૬૦ સ્ત્રીઓ હતી. કામ નહીં કરનારાઓની સંખ્યામાં ૬૬૩ પુરુષો અને ૩૨૬ સ્ત્રીઓ હતી.

**ઝિંઝણાટ :**

ખેડબ્રહ્મા તાલુકાનું આ ગામ છે. ગામનું ક્ષેત્રફળ ૫૯૦.૯૮ ચો.કિ.મી. છે. વસવાટવાળા રહેણાંકના ઘરોની અને કુટુંબોની સંખ્યા ૧૧૮ની હતી. ૧૯૯૧ની વસતિ ગણતરી પ્રમાણે ગામની કુલ વસતિ ૬૪૪ હતી તેમાં ૩૨૭ પુરુષો અને ૩૧૭ સ્ત્રીઓ હતી. અનુસૂચિત જનજાતિની વસતિમાં

કુલ ૬૩૯ની હતી. તેમાં ૩૨૪ પુરુષો અને ૩૧૫ સ્ત્રીઓ હતી. અક્ષરજ્ઞાન અને શિક્ષિતોની સંખ્યામાં ૭૨ પુરુષો અને ૧૦ સ્ત્રીઓ હતી. કામ કરનારાઓની સંખ્યામાં પુરુષોની સંખ્યા નથી અને ૧૩ સ્ત્રીઓ હતી. કામ નહીં કરનારાઓની સંખ્યામાં ૧૮૯ પુરુષો અને ૧૫૦ સ્ત્રીઓ હતી.

**આંબા-મહુડા :**

ખેડબ્રહ્મા તાલુકાનું આ ગામ છે. ગામનું ક્ષેત્રફળ ૨૮૦.૩૩ ચો.કિ.મી. છે. વસવાટવાળા રહેણાંકના ઘરોની અને કટુંબોની સંખ્યા ૧૧૫ની હતી. આ ગામની ૧૯૯૧ની વસતિ ગણતરી પ્રમાણે ગામની કુલ વસતિ ૮૯૨ની હતી તેમાં ૪૮૩ પુરુષો અને ૪૦૯ સ્ત્રીઓ હતી. અનુસૂચિત જનજાતિની કુલ વસતિ ૮૮૬ની હતી. તેમાં ૪૮૧ પુરુષો અને ૪૦૫ સ્ત્રીઓ હતી. અક્ષરજ્ઞાન ધરાવતા અને શિક્ષિતોની સંખ્યામાં ૧૮૨ પુરુષો અને ૫૬ સ્ત્રીઓ હતી. કામ કરનારાઓની સંખ્યામાં ૩ પુરુષો અને ૨૧૧ સ્ત્રીઓ હતી. કામ નહીં કરનારાઓની સંખ્યામાં ૨૬૧ પુરુષો અને ૧૯૨ સ્ત્રીઓ હતી.

**મામાના પીપલા :**

ખેડબ્રહ્મા તાલુકાનું આ ગામ છે.ગામનું ક્ષેત્રફળ ૧૦૦૦.૩૨ ચો.કિ.મી. છે. વસવાટ રહેણાંકના ઘરોની સંખ્યા અને કુટુંબોની સંખ્યા ૭૧ની હતી. આ ગામની ૧૯૯૧ની વસતિ ગણતરી પ્રમાણે કુલ વસતિ ૪૭૫ની હતી. તેમાં ૨૫૮ પરુષો અને ૪૦૯ સ્ત્રીઓ હતી. અનુસૂચિત જનજાતિની કુલ વસતિ ૪૭૦ની હતી. તેમાં ૨૫૫ પુરુષો અને ૨૧૫ સ્ત્રીઓ હતી. અક્ષરજ્ઞાન ધરાવતા અને શિક્ષિતોની સંખ્યામાં પુરુષો અને ૨૦ સ્ત્રીઓ હતી. કામ કરનારાઓની સંખ્યામાં પુરુષો નથી, ૯ સ્ત્રીઓ હતી. કામ નહીં કરનારાઓની સંખ્યામાં ૧૩૫ પુરુષો અને ૧૪૬ સ્ત્રીઓ હતી.

---

ભારતની વસતિ ગણતરી શ્રેણી-૭ :
ગુજરાત જિલ્લા વસતિ ગણતરી પુસ્તિકા ૧૯૯૧ : સાબરકાંઠા, પાના નં.૫૧૦ થી ૫૧૭

પ્રકરણ - ૩

# દુષ્કાળની સ્થિતિ અને સરકારના પ્રયત્નો

- પ્રાસ્તાવિક
- દુષ્કાળ એટલે શું ?
- ૧૯૯૯-૨૦૦૦માં રાજ્યમાં અછતની પરિસ્થિતિ
- રાજ્યમાં અછતગ્રસ્ત ગામોની સંખ્યા
- સાબરકાંઠા જિલ્લામાં દુષ્કાળની સ્થિતિ
- પોશીના વિસ્તારમાં દુષ્કાળગ્રસ્ત સ્થિતિ
- રાજ્ય સરકારના પ્રયત્નો
- રાજ્ય સરકારે લીધેલા મહત્વના નિર્ણયો

પ્રકરણ - ૩

# દુષ્કાળની સ્થિતિ અને સરકારના પ્રયત્નો

**પ્રાસ્તાવિક :**

ગુજરાતમાં દુષ્કાળોમાં કોઈ નવીનતા નથી. સદીઓથી ગુજરાતના મોટા ભાગના વિસ્તારોમાં વરસાદ આધારિત ખેતી થતી આવી છે. વરસાદની અનિયમિતતાને લીધે વ્યાપક અછત પણ સર્જાતી રહી છે. આમ છતાં મહત્વનો સવાલ એ છે કે સદીઓથી ઉદ્ભવતા આ ઘટનાચક્રની લોકો ઉપરની અસરમાં કોઈ પરિવર્તન આવ્યું છે કે કેમ ? અછતની પરિસ્થિતિ વધુ સહ્ય બની છે. અછતના ભોગ બનતા વિસ્તારોને સિંચાઈ કે સૂકી ખેતીના સંશોધનોથી પૂરતું રક્ષણ આપી શકાયું છે ? અનાજ ઈત્યાદિ ખાદ્ય સામગ્રીની વ્યાજબી ભાવે પૂરતી વહેંચણીની પ્રથા ઊભી થઈ શકી છે? અછતને પહોંચી વળવામાં સહાયરૂપ એવી આર્થિક, સામાજિક સંસ્થાઓ ઊભી કરી શકાઈ છે. આ અને આવા ઘણા બીજા પ્રશ્નોના ઉત્તરમાં નિરાશાજનક 'ના' સાંપડે તેમ છે. અછતનો પ્રશ્ન આટલો ગંભીર હોવા છતાં તેની તરફ અભ્યાસીઓનું પૂરતું લક્ષ કેમ નથી ગયું ! તે એક અચંબો પ્રેરે તેવી બાબત છે. આ સ્થિતિ માત્ર વર્તમાન અભ્યાસીઓની જ નથી. ગુજરાત રાજ્ય ગેઝેટીયર નોંધે છે. તેમ ૧૭૯૧અને ૧૮૧૩ના દુકાળો અને ૧૮૨૫ તથા ૧૮૩૪ની અછત સિવાય આપણને ભાગ્યે જ દુકાળના ઈતિહાસ વિષે જાણવા મળે છે અને તેમાં પણ અપાર વિટંબણા, ભૂખમરાથી થયેલાં મોત, અનાજના બદલામાં બાળકોના વેચાણ વગેરેની જૂની પુરાણી વાતો જાણવા મળે છે.

## દુષ્કાળ એટલે શું ?

વરસાદનું અપૂરતાપણું (Drought) અછત અને દુકાળના આગવા અર્થો છે. પહેલી ઘટના હવામાનનો પ્રશ્ન છે. ચોમાસાની મોડી શરૂઆત અથવા સમયસરની શરૂઆત પછી વહેલી વિદાય કે વચમાં લાંબા સમયનો સૂકો ગાળો તેને માટે જવાબદાર છે. આ સ્થિતિમાં ભૂતળનાં પાણી અને ભેજ ઊંડા ઉતરી જતાં પાક નિષ્ફળ જાય છે.

**અછતની ઘટના** અનેક પરિબળોના પરિણામે સર્જાય છે. વરસાદનું અપૂરતાપણું તેનું એક **અગત્યનું કારણ ગણાય.** પરંતુ તે ઉપરાંત પૂર, તીડ, પાકને વ્યાપક રીતે લાગુ પડતો રોગ, ઉંદરનો

અચાનક વધેલો ઉપદ્રવ વગેરેને લીધે પણ ખોરાક, ઘાસચારો કે પાણની અછત સર્જાય છે.

દુષ્કાળ વિષે 'ઈન્ટરનેશનલ એન્સાયકલોપીડીયા ઓફ સોશ્યલ સાયન્સીઝ' નોંધે છે કે દુષ્કાળને ગાંડપણ સાથે સરખાવી શકાય. બંનેની વ્યાખ્યા બાંધવી મુશ્કેલ છે. પરંતુ ઓળખવા સહેલા છે. છતાં જ્યારે લાંબા સમય માટે ખોરાકની વ્યાપક અછત સર્જાય અને તેને પરિણામે ભૂખમરાથી માણસોનાં મૃત્યુ થાય ત્યારે તેને દુષ્કાળ ગણવામાં આવે છે.

આ પ્રકારના દુષ્કાળોનું હવે ભાગ્યે જ અસ્તિત્વ હોવાથી 'દુષ્કાળ' ને સ્થાને 'અછત' શબ્દ પ્રયોજાય છે.

**વર્ષ ૧૯૯૯-૨૦૦૦માં રાજ્યમાં અછતની પરિસ્થિતિ :**

વર્ષ ૧૯૯૯-૨૦૦૦માં ચોમાસુ નિષ્ફળ જતાં રાજ્યના ૧૭ જિલ્લાનાં ૧૫૫ તાલુકાના ૯,૪૪૯ ગામો અછતગ્રસ્ત જાહેર કરવામાં આવ્યા હતાં. દુષ્કાળની આ પરિસ્થિતિને હલ કરવા સરકારે અસરકારક પગલાં લીધેલ હતાં. કુલ ૨.૫૦ કરોડ લોકો દુષ્કાળથી અસર પામ્યાં હતાં. અછત રાહતના વિવિધ પગલાં ભરી રાહતકામો દ્વારા ૭.૯૩ કરોડ માનવદિન રોજગારી પૂરી પાડવામાં આવી હતી. ૪૫૫ ઘાસડેપો મારફતે ૧૫.૭૭ કરોડ કિ.ગ્રા. ઘાસનું વિતરણ કરવામાં આવ્યું હતું. ૧૩૩ પાંજરાપોળ, ૧૭૫ ગૌશાળા અને ૫૫૬ ઢોરવાડાઓ મારફતે ૩૧ લાખ પશુઓને નિભાવવામાં આવ્યા હતા. ૭૪,૮૮૨ વૃદ્ધો, ૩,૨૬૨ બાળકો અને ૬,૭૭૯ સગર્ભા મિહલાઓને રોકડ સહાય ચૂકવવામાં આવી હતી. ૨,૯૮૭ ગામોને ટેન્કર દ્વારા પાણી પુરૂ પાડવામાં આવ્યું હતું.

વર્ષ ૨૦૦૦ના ચોમાસામાં વરસાદ અનિયમિત અને અપુરતો હતો. જેના કારણે સતત બીજા વર્ષે રાજ્યમાં અછતની પરિસ્થિતિ ઉભી થઈ હતી. રાજ્યનાં ૨૫ જિલ્લા પૈકી, ૨૩ જિલ્લાઓમાં અછતની પરિસ્થિતિ વિસ્તરી હતી. કેટલાંક જિલ્લાઓમાં ચોમાસામાં પણ ઘાસની તંગી ચાલુ રહી હતી. રાજ્યનાં ૨૨૬ તાલુકાઓમાંથી ૮૦ તાલુકાઓમાં સામાન્ય વરસાદના ૫૦ ટકાથી ઓછો, જ્યારે ૯૬ તાલુકાઓમાં સામાન્ય વરસાદનાં ૫૦ ટકાથી ૭૫ ટકા વરસાદ થયેલ હતો. રાજ્ય સરકારે ૧૯૯ તાલુકાના ૧૩,૧૩૩ ગામોને અછતગ્રસત / અર્ધઅછતગ્રસ્ત જાહેર કરેલ જે પાછલા વર્ષની સરખામણીમાં ૩,૬૮૪ ગામો વધારે છે. રાજ્ય સરકાર દ્વારા વિવિધ રાહતનાં પગલાં લેવામાં

આવ્યા હતાં. ૧લી મે ૨૦૦૧ના રોજની પરિસ્થિતિએ અછત રાહતનાં વિવિધ ૯,૯૫૧ કામો પૂર્ણ કરાયેલાં હતાં અને ૭,૪૩૬ કામો ચાલુ હતાં. જેમાં ૨૬.૧૩ લાખ મજૂરો કામ કરતા હતા. આ રાહતકામો દ્વારા ૭.૨૦ કરોડ માનવદિન રોજગારી ઉભી કરવામાં આવી હતી. જેમાં રૂા.૧૩૬.૪૪ કરોડ વેતન પેટે ચુકવવામાં આવ્યા હતા. રાહતકામો ઉપર ન જઈ શકે તેવા વૃદ્ધોને પ્રતિદીન રૂા.૧૦, બાળકોને પ્રતિદિન રૂા.૫ અને સગર્ભા મહિલાઓને પ્રતિદિન રૂા.૨૦ રોકડ સહાય ચુકવવામાં આવે છે. ૧લી ૨૦૦૧ સુધીમાં ૧,૦૬,૨૫૩ વૃદ્ધો, ૮,૧૪૧ બાળકો અને ૯,૫૧૩ સગર્ભા મહિલાઓને એકંદરે રૂા.૭.૪૦ કરોડની રોકડ સહાય ચુકવવામાં આવી હતી. દુષ્કાળગ્રસ્ત જિલ્લાઓમાં (તા.૧-૫-૨૦૦૧ની પરિસ્થિતિએ)૩૭૭ પાંજરાપોળ અને ગૌશાળા મારફતે આશરે ૨.૧૬ લાખ પશુઓ નિભાવવામાં આવ્યા હતા. આ ઉપરાંત ૧૬૫ ઢોરવાડાઓમાં ૧.૦૪ લાખ પશુઓને નિભાવવામાં આવ્યા હતા. આ પશુઓની નિભાવણી માટે રાજ્ય સરકાર દ્વારા પશુદીઠ પ્રતિદીન રૂા.૧૦ની સહાય પૂરી પાડવામાં આવી હતી. ૧લી મે ૨૦૦૧ સુધીમાં કુલ રૂા. ૧૩.૬૭ કરોડની સહાય ચુકવવામાં આવી હતી. પાણી પુરવઠાની સ્થિતિને પહોંચી વળવા રાજ્ય સરકારે જરૂરી તમામ પગલાં લીધાં છે. લોકોને પાણી પુરૂ પાડવા માટે હાથ ધરાયેલી કામગીરીની વિગતો નીચે મુજબ છે.

(૧) ૧૦૦૨ ગામોમાં પાતાળકુવાનું સારકામ કરવામાં આવ્યું.

(૨) ૫૮ ગામોમાં ઊંડા પાતાળકુવા બનાવવામાં આવ્યા.

(૩) ૬૪૭ ગામોમાં પાણી ખેંચવાનાં યંત્રોની મરામત અથવા ફેરબદલી સંબંધી કામો હાથ ધરાયા.

(૪) ૨,૫૩૮ ગામોમાં જ્યાં પાણીનો અન્ય સ્ત્રોત ઉપલબ્ધ નથી ત્યાં ૧,૯૪૨ ટેન્કરો મારફતે પાણી પુરૂ પાડવામાં આવેલ.

(૫) **બોટાદથી રાજુલા અને જાફરાબાદ વિસ્તારમાં રેલવે મારફતે પીવાનું પાણી પુરૂ પાડવામાં આવ્યું.**

એકંદરે રાજ્યનાં ૬,૫૪૫ ગામો પીવાના પાણીની અછત અનુભવી રહેલ છે અને સરકારે જરૂરિયાતવાળાં બધા ગામોને પીવાનું પાણી પુરૂ પાડવા જરૂરી તમામ પગલાં લીધેલ છે.

### રાજ્યમાં અછતગ્રસ્ત ગામોની સંખ્યા

### ૨૦૦૦-૦૧

| જિલ્લો | અછત | અર્ધઅછત | કુલ |
|---|---|---|---|
| **અમદાવાદ** | ૧૪૪ | ૩૯૫ | ૫૩૯ |
| **અમરેલી** | ૬૨૭ | - | ૬૨૭ |
| આણંદ | ૧૭ | ૧૯૯ | ૨૧૬ |
| બનાસકાંઠા | ૨૯૯ | ૩૬૩ | ૫૯૨ |
| ભરૂચ | ૧૭ | ૧૭૬ | ૧૯૩ |
| ભાવનગર | ૭૨૧ | ૧૦૩ | ૮૨૪ |
| દાહોદ | ૩૨૩ | ૩૭૩ | ૬૯૬ |
| ગાંધીનગર | - | ૧૬૭ | ૧૬૭ |
| જામનગર | ૯૯ | ૪૭૪ | ૫૭૩ |
| જૂનાગઢ | ૧૪૮ | ૪૪૭ | ૫૯૫ |
| ખેડા | ૪૯૪ | ૪૦૩ | ૮૯૭ |
| કચ્છ | ૩૭૨ | ૨૪૪ | ૬૧૬ |
| નર્મદા | - | ૩૫૨ | ૩૫૨ |
| નવસારી | - | ૨ | ૨ |
| પંચમહાલ | ૧,૦૬૫ | ૧૨૭ | ૧,૧૯૨ |
| **પાટણ** | ૭૯ | ૩૬૦ | ૪૩૯ |
| **પોરબંદર** | - | ૧૪૯ | ૧૪૯ |
| **રાજકોટ** | ૮૦૫ | ૬૦ | ૮૬૫ |
| **સાબરકાંઠા** | ૮ | ૧,૧૫૪ | ૧,૧૬૨ |
| **સુરત** | ૯૪ | ૧૦૬ | ૨૦૦ |
| **સુરેન્દ્રનગર** | ૧૩૫ | ૩૯૪ | ૫૨૯ |
| **વડોદરા** | ૨૯૫ | ૯૫૪ | ૧,૨૪૯ |
| **કુલ (૨૩)** | **૫,૬૭૨** | **૭,૪૬૧** | **૧૩,૧૩૩** |

**સામાજિક આર્થિક સમીક્ષા**, પાના નં.૧૧, ગુજરાત રાજ્ય, ૨૦૦૦-૨૦૦૧
**અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર** નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર, જૂલાઈ-૨૦૦૧

**સાબરકાંઠા જિલ્લામાં દુષ્કાળની સ્થિતિ :**

**આ વર્ષ** ઉનાળાના આરંભથી જ ઠેર ઠેર પાણીની બૂમો પરાકાષ્ઠાએ પહોંચી છે છેક ભર શિયાળેથી જ ઉતરેલા અછતના કારમા ઓછાયાને લીધે સમગ્ર સાબરકાંઠા જિલ્લામાં જેમ જેમ દિવસો વિતતા જાય છે તેમ તેમ વધુને વધુ ગંભીરથી લંબાતા રહ્યા છે. કૂવાના તળિયાં તથા બોર બધે જ ઠેકાણે ચોકખા ચણાક દેખાવા માંડયા છે. જેથી પીવાના પાણી માટે લોકો ઠેર ઠેર તલસી રહેલા જોવા મળે છે. આકરા ઉનાળાના આગ ઓકતી ગરમીમાં પાણીની વિકટ સમસ્યા ઊભી થઈ છે. સાબરકાંઠા જિલ્લાના તમામ તાલુકાઓ અનેગામો ઓછાવત્તા અંશે પીવાના પાણીની સમસ્યા ઊભી થઈ છે. કૂવા-બોરના પાણી તળીયે ગયા છે. આજે તો આ જિલ્લામાં ઠેર ઠેર પીવાના પાણીની અને ઘાસચારાની તીવ્ર તંગીએ લોકોના જીવ તાળવે ચોંટાડી દીધા છે. એક સર્વે મુજબ ભિલોડા તાલુકાના નાંદોજ, બારી, નાયડા, કિશનગઢ, માણસા, ધોલવાણી, વેજપુર, આડા હાથરોલ, વાંટડી જેવા ગામોમાં પીવાના પાણીની બૂમો સંભળાય છે. હેન્ડપંપો શોભાના ગાંઠીયા જેવા બની ગયા છે. આ ઉપરાંત હિંમતનગર, મોડાસા, વડાલી, બાયડ, પ્રાંતિજ અને તલોદ તાલુકાના ગામોમાં પણ આવી જ સ્થિતિ છે. ખેડબ્રહ્માના રાધીવાડ અને તેની આસપાસના ગામોમાં દેવુ કરીને સીન્ટેક્સની ટાંકી વસાવી વહેલી સવારે ગાડામાં મૂકી કુવે કુવે ફરી જે કંઈ પાણી મળે તે લાવે છે.

**સાબરકાંઠા જિલ્લામાં સામાન્ય વરસાદ**

(મીલીમીટરમાં)

| જિલ્લો | કેન્દ્રનું નામ | સામાન્ય વરસાદ સુધારેલ | વર્ષ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૧૯૮૫ | ૧૯૯૦ | ૧૯૯૫ | ૧૯૯૬ | ૧૯૯૭ | ૧૯૯૮ | ૧૯૯૯ | ૨૦૦૦ |
| સાબરકાંઠા | હિંમતનગર | ૭૯૭ | ૫૨૧ | ૯૫૭ | ૪૨૬ | ૭૨૧ | ૧,૦૨૭ | ૧,૧૦૨ | ૪૩૭ | ૪૨૫ |

**પોશીના વિસ્તારમાં દુષ્કાળગ્રસ્ત સ્થિતિ :**

**સાબરકાંઠા જિલ્લાના** અતિપછાત એવા ખેડબ્રહ્મા તાલુકાના પોશીના વિસ્તારની આદિવાસી પટ્ટીના સંખ્યાબંધ ગામોમાં ભૂખમરા જેવી પરિસ્થિતિ પ્રવર્તી રહી હતી. રાજસ્થાની સરહદને અડીને [illegible] ખુલ્લા આ વિસ્તારમાં માત્ર ગરીબાઈ છે, લાચારી છે, મજબૂરી છે. પ્રવતા ગુજરાત

[illegible] સામાજિક આર્થિક સમીક્ષા, ગજરાત રાજ્ય, ૨૦૦૦-૨૦૦૧, પાના નં.૪૧

માટે ગરીબ ભોળી આદિવાસી પ્રજા ગમે તેવી મજૂરી કરી છૂટવા તૈયાર છે. અમલીકરણના અભાવે પોશીનાની પટ્ટી અતિ પછાત રહી છે. સરકારી સહાય કોને કહેવાય તેની અભણ લોકોને ખબર નથી. કાળી મજૂરી કરીને દિવસભર જે પાંચ પચ્ચીસ રૂપીયા મળે તેનાથી ગુજરાત ચલાવવું પડે છે. આ વિસ્તારની જાત મુલાકાત લેતા વહીવટી શિથિલતાના દર્શન થયાં. ખેડબ્રહ્મા તાલુકાના રાધીવાડ, ગુંદેલ, મોટારી, આગિયા અનેતેના જેવા ૨૨ ગામો માટે પાણીની તૈયાર કરાયેલી ઉંચી ધનાલ પાણીપુરવઠા યોજનાનું કામ ખોરંભે પડયું હોવાથી આ ગામોમાં પીવાના પાણીનો મોટી સમસ્યા ઉભી થઈ છે. રાધીવાડના કેટલાક પરિવારોએ શહેરો તરફ સ્થળાંતર કર્યું છે. ઘાસની તંગીના કારણે રોજના ચાર થી પાંચ પશુઓ મૃત્યુના મુખમાં ધકેલાય છે તેવું આ ગામના આગેવાન લાલજીભાઈ નીનામા જણાવે છે. કાલીકાંકર જાજનાડ, દંત્રાલ. અજાવાસ, ચાંગોદ, રાધીવાડ, અને તેના જેવા છૂટાછવાયા નાનાં નાનાં ગામોમાં અન્ન મેળવવાના ફાંફા છે. પૂરતુ બે ટંક ખાવાનું નસીબ નથી. ખેડબ્રહ્માથી આંજણી સુધીના માર્ગમાં સંખ્યાબંધ હેન્ડ પંપો આવેલા છે પરંતુ મોટાભાગના બંધ છે. બગડી ગયા છે, પાણી ઓછુ આવે છે. પશુઓને ખાવા માટે ઘાસચારાના વ્યવસ્થા નથી. સમયસર ખાણ-દાણ આવતુ નથી. કાલીકાંકર ગામમાં સસ્તા અનાજની દુકાન ચાલે છે. દુકાનના સંચાલક ગણપતભાઈ કાન્તિલાલ શાહના જણાવ્યા મુજબ તેઓ ગરીબીરેખાથી નીચે જીવતા પરિવારોને કાર્ડદીઠ, વ્યક્તિગત ચાર કિલો ઘઉં, સાડા ત્રણ કિલો ચોખા, મીઠું, ખાંડ અને કેરોસીન આપે છે. અનાજ આપવાની યોજનામાં મકાઈનો સ્પષ્ટ ઈન્કાર કરતા તેમણે કહ્યું કે આદિવાસી લોકો મકાઈ ખાય છે તે વાત સાચી છે પણ અહીં ક્યાંય મકાઈનું વિતરણ અમે કરતા નથી, કારણકે સરકાર આપતી નથી. આદિવાસી અમથીબેન કહે છે અમને મકાઈ જોઈએ છે પણ મળતી નથી એટલે બજારમાંથી લાવવી પડે છે. ૧૩૦ રૂપિયે મણ મળે છે. આજાવાસ ગામમાં રોડની બંને બાજુએ રાહતકામો ચાલે છે. ઉનાળાની કાળઝાળ ગરમીમાં રાહતકામ કરનારાઓ [illegible]કી પરિવારો અને બાળકોનું પ્રમાણ વધુ જોવા મળે છે.

આ વિસ્તારની ઉનાળુ ખેતી નિષ્ફળ ગઈ છે. પાક ઉત્પાદનમાં ૫૦ ટકાથી વધુ ઘટાડો નોંધાયો છે. પોશીના પંથકમાં ખેતરો ઉજ્જડ ભાસે છે. પશુઓના હાડકા દેખાય છે. ગાયોને ઘાસ મળતુ [illegible] દુષ્કાળની ગંભીર સ્થિતિ આ વિસ્તારમાં સ્પષ્ટ દેખાઈ આવે છે.

---

[illegible]રાત સમાચાર, તા: ૫મી મે, ૨૦૦૦ પાન નં.૨

**જિલ્લામાં શરૂ કરાયેલા રાહતકામો :**

જિલ્લામાં અછત / અર્ધઅછત વિસ્તારોમાં લોકોને રોજગારી આપવા કરેલ આયોજન અને રવામાં આવેલી કામગીરીની વિગતો (તા.૧૫-૫-૨૦૦૦ સુધી)

ાબરકાંઠા જિલ્લાના તાલુકાવાર અછતગ્રસ્તગામો, રાહતકામો અને મજૂરોની સંખ્યા (૨૦૦૦)

| તાલુકાનું નામ | અછત/અર્ધઅછત જાહેર થયેલ ગામોની સંખ્યા | રાહત કામની સંખ્યા | મજૂરોની સંખ્યા |
|---|---|---|---|
| વડાલી | ૪૩ | ૪૩ | ૧૩૨ |
| વિજયનગર | ૭૭ | ૧૧૩ | ૩,૦૮૮ |
| મેઘરજ | ૪૮ | ૧૨૩ | ૬,૨૯૧ |
| માલપુર | ૨૪ | ૭૫ | ૧,૮૫૩ |
| ખેડબ્રહ્મા | ૧૩૫ | ૩૭૨ | ૩૨,૭૯૪ |
| હિંમતનગર | ૧૩ | ૩૭ | ૯૫ |
| ભિલોડા | ૫૨ | ૫૧ | ૪,૦૫૪ |
| મોડાસા | ૪ | ૬ | ૧,૦૩૯ |
| તલોદ | ૧ | ૧ | - |
| ઈડર | ૯ | ૨૨ | ૧૫૩ |
| **કુલ** | **૪૦૬** | **૮૪૩** | **૪૯,૪૯૯** |

ઉપરોક્ત કોઠા વર્તમાનપત્ર (જયહિન્દ) માં પ્રસિદ્ધ થયેલ સરકારની અછતગ્રસ્ત વિસ્તારની મગીરી દર્શાવે છે. તેમાં સૌથી મોખરે અભ્યાસમાં આવરી લીધેલો ખેડબ્રહ્મા તાલુકો છે. આ લુકામાં અછતની વધુ તિવ્રતા જોવા મળી હતી.

**સરકારના પ્રયત્નો :**

ગુજરાત રાજ્ય અછતની ગંભીર પરિસ્થિતિમાં મુકાઈ ગયું. સૌરાષ્ટ્ર-કચ્છ અને ઉત્તર

ગુજરાતમાં દુષ્કાળની પરિસ્થિતિએ ભરડો લીધો. મૂંગા ઢોરો માટે ઘાસચારાની, લોકોને પીવા માટે પાણીની મુશ્કેલી ઊભી થઈ. આઠ-દસ કિલોમીટર દૂરથી પાણી લાવવું પડે એવી પરિસ્થિતિ કેટલાય ગામોમાં છે. પીવા માટેનું પાણી મેળવવા આંખમાં પાણી આવી જાય છે. પાણી-ઘાસચારા અને રોજીરોટીના અભાવે હિજરત શરૂ થઈ.

સરકાર પાણી માટે જે કંઈ ઉપાયો થઈ શકે તે કરી રહી છે. જળાશયો ખાલી છે. નવા બોર કરાય છે. પાઈપ લાઈન મારફત પાણી પૂરું પડાય છે. ટેન્કરો દ્વારા ગામોમાં પાણી પહોંચાડાય છે. જે ભાવે મળે તે ભાવ આપી જ્યાંથી મળે ત્યાંથી ઘાસચારો લાવીને પૂરો પાડવામાં આવે છે. રોજીરોટી માટે રાહતકામો ચાલે છે. રાહત દરે અનાજ આપવામાં આવે છે. પ્રજાને શક્ય એટલી સહાય કરવા રાહત આપવા સરકારે કમર કસી છે.

દુષ્કાળની સ્થિતિમાં ધનિક અને ગરીબ, માલિક અને મજૂર, પશુ અને માનવ તમામ ઓછાવત્તા અંશે સપડાઈ જાય છે. તેમાં ખાસ કરીને ગરીબ તે દુષ્કાળની પરિસ્થિતિમાં સપડાય છે ત્યારે પરિસ્થિતિ વિકટ બને છે. સામાન્ય દિવસોમાં પણ તેઓ અનેક વિધ સમસ્યાઓમાં સપડાયેલા તો હોય જ છે તેમાં વધારો થાય છે. જ્યારે સમગ્ર સમાજ આવી લાચાર પરિસ્થિતિમાં સપડાય ત્યારે રોજ રોજ પીસાતા અથવા તો રીબાતા મનુષ્યો આ પરિસ્થિતિમાં મૂકાય છે. ત્યારે તેમની હાલત કેવી થતી હશે તેની સામે ઊભા થયેલા આ પડકારને તે કઈ રીતે મૂલવે છે. તેનો કઈ રીતે સામનો કરે છે? તેના તે કેવા પર્યાયો શોધે તે ક્ષેત્રમાં પરિસ્થિતિ દરમ્યાન જ જાણી શકાય. આપણા લોકશાહી દેશમાં રાજ્યની પણ કેટલીક ફરજોમાંની એક ફરજ તરીકે સરકારી તંત્ર આ પરિસ્થિતિમાં કેવા પ્રકારના કામો હાથ ધરે છે. તેથી લોકોને કેટલી અને કેવા પ્રકારની મદદ મળે છે? તે જાણવું જરૂરી છે.

**રાજ્ય સરકારે લીધેલા મહત્વના નિર્ણયો :**

દુષ્કાળમાં સપડાઈ ગયેલા લોકોની જીવનનિર્વાહ કરી શકે તેમજ આવી વિકટ પરિસ્થિતિનો સામનો કરવા રાજ્ય સરકારે કેટલાક મહત્વના નર્ણયો લીધા હતા. જેમાં પશુ સબસીડી રૂ. ૬ વધારીને રૂ. ૧૦ સુધી કરાઈ હતી. પશુને ૩ કિલોના બદલે ૪ કિલો ઘાસ આપવાનો [illegible] હતો. મજૂરીના દરો રૂ. ૩૪થી વધારીને રૂ. ૪૦ સુધી કરવામા આવ્યા હતા.

રાહતકામના દિવસના દર રૂ. ૩૫થી વધારીને રૂ. ૮૫ કરાયો હતો. કલેકટરોને રાહત કામો શરૂ કરવાના રૂ. ૧૦ લાખના અધીકારો વધારીને રૂ. ૨૫ લાખ કરાયા હતા. જિલ્લા રાહત સમિતિના ૨૫ લાખના અંદાજવાળા રાહતકામોના અધિકારો વધારીને રૂ.૫૦ લાખ કરાયા હતા. ઓછા વરસાદવાળા વિસ્તારોમાં ઘાસના વિતરણ માટેના ઘાસડેપો શરૂ કરવાની સત્તા જિલ્લા કલેકટરને આપવામાં આવી હતી. અછતગ્રસ્ત વિસ્તારોને રૂ. ૧૨૦ કરોડની રકમ બે માસમાં ફાળવવામાં આવી હતી. પીવાના પાણી માટે ૧૨ કરોડની રકમની કલેકટરોને સીધી ફાળવવાના હક્કો અપાયા હતા.

**જિલ્લામાં રોજગારી આપવા કરેલ આયોજન અને તેની કામગીરી :**

દુષ્કાળમાં સપડાયેલા લોકોને રોજગારી આપવા રાજ્યના સહકાર મંત્રી અને સાબરકાંઠા જિલ્લાના પ્રભારી મંત્રીશ્રીના અધ્યક્ષતામાં જિલ્લાની અછત સમિતિની એક બેઠક મળી હતી. તેમાં જિલ્લામાં અછત અને અર્ધઅછત વિસ્તારોમાં લોકોને રોજગારી આપવા એક આયોજન અને કરવામાં આવેલ કામગરીની વિગતો રજૂ કરવામાં આવી હતી.

જિલ્લામાં એકંદરે રજીસ્ટર્ડ થયેલ ૨,૦૧૯ લાભાર્થીઓની સંખ્યા હતી. આ લાભાર્થીઓને ૫,૬૧,૫૯૯ રૂપિયા સહાયરૂપ આપવામાં આવ્યા હતા. તેમજ જિલ્લામાં પીવાના પાણીના આયોજન માટે પાણી સમિતિમાં બોર, હેન્ડપંપ, કૂવાઊંડા, પાઈપલાઈન નાંખવી, ટેન્કરથી પાણી પૂરૂં પાડવું તેમજ મશીનરી અને વીજળીકરણ વિગેરેના ૫૫૪ કામોને મંજૂરી આપી હતી.

આ ઉપરાંત રાહતકામના મજૂરોને પોષણક્ષમ તથા તેમની આદત મુજબનો ખોરાક મળે તે માટે જિલ્લા મહેસુલી તંત્ર તરફથી વર્ષ એપ્રિલ માસના છેલલા અઠવાડિયામાં ખેડબ્રહ્મા તાલુકાના તમામ કામદારોને કામદારદીઠ ૩ કિલો મકાઈ તથા ૧૦૦ ગ્રામ ચણા તેમજ કુલ ૬૦,૦૦૦ કિલો મકાઈ અને ૨,૦૦૭ કિલો ચણાનું વિના મૂલ્યે વિતરણ કરવામાં આવ્યુ હતું. વધુમાં દરેક મજૂરોને ૫ કિલો મકાઈ તથા ૨૦૦ ગ્રામ ચણા પ્રમાણે કુલ ૫૦,૦૦૦ કિલો મકાઈ તથા ૪,૦૦૦ કિલો ચણાનું પણ વિના મૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. રાહતકામના મજૂરોને દૈનિક બે કિલો અનાજ આપવાની યોજના મુજબ તમામ મજૂરોને કુપનો આપવામાં આવી હતી. તેમને અનાજની દુકાન પર અનાજનું વિતરણ કરવામાં આવ્યું હતું. જિલ્લાના તમામ રજીસ્ટર્ડ લાભાર્થીઓને સરકાર તરફથી

૧૦/-ની રકમને બદલે રૂ. ૨૦/-ની રકમ આપવાનું આયોજન થયું હતું. તબીબી તપાસ દરમ્યાન શક્ત. રોગિષ્ટ તથા સગર્ભા મહિલાઓને કામગીરીમાંથી મુક્ત કરવામાં આવી હતી.

**હતકામના મજૂરોની તપાસ :**

દુષ્કાળનાં સામનો કરવા રાજ્ય સરકારે શરૂ કરેલા રાહતકામોમાં સાબરકાંઠા જિલ્લાના ડબ્રહ્મા તાલુકાના પોશીના ગામના રાહતકામ પર જઈને મુલાકાત લીધી હતી. ત્યારે જાણવા મળ્યું કામ પર આવતા મજૂરો ગરીબ કુટુંબોમાંથી આવે છે. ઘણા મજૂરો શરીરે સુકલકડી હાડપીંજર વા દેખાતા હતા. તેમાં વૃદ્ધો અને સગર્ભા સ્ત્રીઓ પણ જોવા મળી હતી. બાળકો પણ હતાં. શક્ત શરીર ધરાવનાર વૃદ્ધોની હાજરી પણ હતી કે જેમનાથી આ કામ થઈ શકે તેમ નથી તેમ તાંય કામ પર હાજર હતાં. ઘણી સગર્ભા સ્ત્રીઓ કામ કરતી જોવા મળી હતી.

રાહતકામોમાં હાજર રહેલા સૌ મજૂરીમાં શરીર પરના કેટલાકના કપડાં ખૂબજ ગંદા અને ાટયાં-તૂટયાં જોવા મળ્યા હતા. મોટાભાગના ઊઘાડા શરીરે કામ કરતા હતા. ધોમ ધખતા એવા ાપમાં ઘણાંના પગમાં પગરખાં પણ નહોતાં. છાંયડાની ક્યાંય જોગવાઈ જોવા મળી નથી. દુષ્કાળમાં ણા વૃક્ષો સુકાઈ ગયેલા જોવા મળ્યા, કામ ચાલતુ હતું. તેની આસપાસ ક્યાંય છાંયડો જોવા ળતો નહોતો.

મજૂરી સામાન્ય રીતે અઠવાડિયે ચૂકવવાનો નિયમ છે. આ અઠવાડિયે માપણી થાય અને ીજે અઠવાડિયે ચૂકવણી થાય તેવી વ્યવસ્થા ગોઠવાયેલી છે. પણ હકીકતે કેટલીકવાર આ ચૂકવણી તાં એકાદ મહિનાનો સમય નીકળી ગયો હોય તેવા કિસ્સા પણ જોવા મળ્યા હતા.

મજૂરી માટેનાં સાધનો કોણ આપે છે? એવા સવાલના જવાબમાં પોતે લાવતા હોવાનું જણાવવામાં આવ્યું હતું, જ્યારે અમુક મજૂરોને તાલુકા પંચાયતથી પંચાયત મારફત પૂરાં પહોંતાં હોવાનું જણાવવામાં આવ્યું હતું.

કામના કલાકો અને સમય અંગેના પ્રશ્નના પ્રત્યુતરમાં સવારે ૮ થી ૧૨ અને સાંજે ૩ થી ... કામ ચાલતું હોવાનું અને બપોરે ત્રણેક કલાકનો વિરામ હોવાનું જણાવવામાં આવ્યું હતું.

મજૂરી સિવાય અન્ય કોઈ વસ્તુ આપવામાં આવે છે કે કેમ એવા પ્રશ્નના પ્રત્યુતરમાં ચાવની ળીઓ, માથાના દુ:ખાવાની ગોળીઓ અને પાટાપીંડી માટેની વ્યવસ્થા રાહતના સ્થળે કરવામાં વી હોવાનું જણાવવામાં આવ્યું છે.

મજૂરોમાં દર અંગે જાણવા મળ્યું હતું કે મજૂરીના દરો માટીકામના પ્રકાર અને પ્રમાણ આધારિત છે. આ ભાવો નીચે પ્રમાણે નક્કી થયેલા છે. ૧ મીટર નરમ માટીના ૬.૮૪. ત માટી નરમ માટીના રૂ. ૭.૭૦, સખત માટીના રૂ. ૧૨.૮૦ છે, જ્યારે ૧૦૦ ઘ.ફૂટ ૨.૨ મીટર નરમ પત્થરના રૂ. ૩૩.૩૦ અને સખત પથ્થરના રૂ. ૧૨૧.૯૦ નક્કી કરવામાં આવેલા . કોઈ સ્વૈચ્છિક સંસ્થા તરફથી કોઈ વસ્તુ મળે છે? તેવા પ્રશ્નોના નકારમાં પ્રત્યુતર મળ્યો હતો.

મજૂરી તાલુકા પંચાયતમાંથી કેશીયર દ્વારા અથવા નિયત કરવામાં આવેલા પગાર અધિકારી રા ચૂકવાતી હોવનું જણાવવામાં આવ્યું હતું. જો રાહતકામ બંધ થઈ જાય તો શું થાય ? તેવા શ્નના પ્રત્યુત્તરનો સારાંશ તપાસ હેઠળના ગામોમાં એ છે કે ચાલુ દુષ્કાળના વર્ષમાંથી પાર રવાનો રાહત કામજ એકમાત્ર મુખ્ય આધાર છે અને તે કોઈપણ સંજોગોમાં ચાલુ રહેવું જોઈએ.

રાહત કામમાં પૈસા સાથે અનાજ ચૂકવાય છે. તો કોઈ મુશ્કેલી હોય તો તે જણાવવા માટેના શ્નના પ્રત્યુતરમાં કેટલાક સ્થળે કુપનમાં ગેરરીતિના પરિણામે અનાજના સ્વરૂપમાં થતી ચૂકવણી પ થઈ તે બરાબર ન થયું હોવાનું અને એને લીધે રાહતકામમાં આવતાં મજૂરો વધુ મશ્કેલીમાં કાયાં હોવાનું અને તેમને વધારે મોંઘા ભાવે બહારથી અનાજ ખરીદવું પડતુ હોવાનું જણાવવામાં આવ્યુ હતું. પરિણામે કૂપનની વ્યવસ્થામાંની ક્ષતિઓ દૂર કરીને તે સત્વરે ફરીથી ચાલુ કરવી જોઈએ વું સૂચન અને માંગણી ખેડબ્રહ્મા તાલુકાના ગામોમાંથી થઈ હતી. જે અનાજ મળે છે તેની ગણુવત્તા તી ઉતરતી કક્ષાની હોય છે. ઘઉં જુના અને પડતર અપાય છે તેના બદલે મકાઈ આપવી જોઈએ મ જણાવ્યું હતું.

તપાસ પર આવતા મજૂરોને પૂછતા જાણવા મળ્યું કે ઘણીવાર અનાજના અભાવે અમારે બે ટંક ભૂખ્યા રહેવું પડે છે. અત્યારે હાલે પણ અમારે બપોરે કે સાંજ માત્ર રોટલો ચલાવવું પડે છે અને તેની સાબિતીરૂપ તેમના રોજિંદા ભાથુમાં (ટીફીન) જોયું તો રોટલો ને ડુંગળી જ હતું. ઉઘાડા પગે આખો દિવસ કામ કરવાનું હોવાથી ઘણાના

ગ નીચે નાની ફોલ્લીઓની અસર થઈ ગઈ હતી. નાની વયના બાળકો હોવાથી તેમના મોં રની ઉદાસી તેમનું દરિદ્ર વ્યક્ત કરતી જોવા મળી હતી. કામ કરવાની શક્તિ નથી એવા અશક્ત લોકોને પૂછતા જાણવા મળ્યું કે કામ પર ના આવીએ તો ભૂખ્યા રહેવાનો વારો આવે તેમ છે. રમાં બધાને પૂરતુ ખાવાનું મળે તેમ નથી એટલે બધાએ કામ કરવું પડે છે. સગર્ભા સ્ત્રી હોવા છતાંય તેને કામ પર આવવું પડે છે.

આમ, દુષ્કાળની પરિસ્થિતમાં પહોંચી વળવા અને ગરીબ લોકોને રોજીરોટી મળી રહે તે માટે સરકાર રાહતકામો ખોલે છે. રાહતકામોથી તેમનું ગુજરાન ચાલે છે, પરંતુ સરકારશ્રીના નિયમો અનુસાર ગરીબ લોકોને પૂરતું મળી શકતું નથી. આવા સમયે તેમની ગંભીર પરિસ્થિતનું નિર્માણ થાય છે. માંડ માંડ ચાલી શકતો માણસ, સગર્ભા સ્ત્રી કે જેને હવે કામ ન કરવું જોઈએ તેમજ જેમની ઉંમર હજી બાળપણની છે તેને રમવાનું મૂકીને કામે લાગવું પડે છે. એવી પરિસ્થિતિ દુષ્કાળના સમયમાં જોવા મળે છે.

ગુજરાત માટે બે હજારનું મિલેનિયમ વર્ષ દુષ્કાળનું વર્ષ સાબિત થયું છે. દુષ્કાળની પરિસ્થિતિમાં લોકોની પશુઓની જોવા મળતી પરિસ્થિતિ ભલભલાના હ્રદય હચમચાવી નાખે તેવી હોય છે. સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકાના જુદા જુદા ગામો પર ચાલતા રાહતકામોની તપાસ કરતા ઘણી વાસ્તવિક હકીકતો જાણવા મળી છે.

દુષ્કાળની તીવ્ર અસર પોશીના, દેલવાડા, લાંબડીયા અને ખરોજ વિસ્તારમાં જોવા મળે છે. આ વિસ્તારમાં ડુંગરીભીલ અને ડુંગરી ગરાસિયા આદિવાસીઓ વસે છે. પોશીના પટ્ટાના આંજણી, બલીયા, કાલીકાંકર, જેઝણાટ, કલસાંવર ગામોમાં વસતા આદિવાસીઓ આ દુષ્કાળમાં ભૂખમરાની સ્થિતિમાં જીવન-મરણ વચ્ચે ઝોલા ખાતા જણાયા હતા.

દુષ્કાળમાં પાણી પીવાના સાંસાં હોય છે સાથે સાથે ખાવાની પણ તકલીફ પડે છે. પીવાનું પાણી પણ નહિંવત્ હોય છે. અનાજના પાકો નિષ્ફળ જવાથી અનાજ મળવું મુશ્કેલ બને છે. માનવીની પાયાની જરૂરિયાત ખોરાક-પાણી મુખ્ય છે. માનવી ક્યાં સુધી ખોરાક વિના ચલાવી શકે, ખોરાકના અભાવના કારણે કેટલાક મૃત્યુ પામેલા કિસ્સાઓ જોવા મળ્યા. જે દૈનિક [illegible] પત્રોમાં પણ ખૂબ વિગતે પ્રસિદ્ધ થયેલા હતા.

પ્રકરણ - ૪

# રાહતકામ પર થયેલા ભૂખમરામાં મૃત્યુના કિસ્સા અભ્યાસ

- કિસ્સા અભ્યાસ
- રાહતકામ પરની પરિસ્થિતિના લોકોના પ્રતિભાવો

## પ્રકરણ - ૪

# રાહતકામ પર થયેલા ભૂખમરામાં મૃત્યુના કિસ્સા અભ્યાસ

સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકાના આંજણી તથા તેની આસપાસના ગામડાઓમાં અછતરાહતનાં કામો ચાલે છે. આ વિસ્તારની મુલાકાત લેતાં ગામોનો અહેવાલ મેળવતાં હેન્ડપંપો ઘણાય સમયથી બંધ હાલતમાં હતા. સરપંચો તથા આગેવાનોએ વારંવાર ફરિયાદો કરવા છતાં હેન્ડપંપોનું રીપેરીંગ કામ થતુ નથી. આ ઉપરાંત અછત રાહતના કામ ઉપર પીવાના પાણીની છાંયડાની કોઈ જ વ્યવસ્થા કરવામાં આવી નથી.

તા.૨૫ અપ્રિલ, ૨૦૦૦ના રોજ મજૂરી કરતા સાયબાભાઈ હરસનભાઈ, બુબડીયા તથા સીતાબેન સાયબાભાઈ બુબડીયા અને ૭ વર્ષની દિકરીનું બપોરના આશરે ૧૧.૩૦ વાગે મૃત્યુ થયુ હતું. આ અંગે વિગતો તપાસવા આંજણી ગામ પહોંચ્યા. પોશીનાથી તે લગભગ ૧૦ થી ૧૧ કિ.મી. ના અંતરે આવેલ છે. ગામમાં પ્રાથમિક શાળા તથા એક આશ્રમશાળા પણ આવેલ છે. ગામની આજુબાજુનો વિસ્તાર ડુંગરાળ છે. તળેટી વચ્ચેથી રસ્તો પસાર થાય છે. તે રસ્તો આગળ રાજસ્થાનમાં માંડવા થઈને કોટડા છાવણી તરફ જાય છે. આ વિસ્તારની જમીન સુકીભઠ થઈ ગયેલ છે. પાણીની ક્યાંય વ્યવસ્થા નથી. ડુંગરામાં આવેલ તળાવો પણ સુકાઈ ગયેલ છે. ગામની માહિતી મેળવતાં રાજસ્થા. ગુજરાતના જુદા જુદા સ્થળોએ ૬૦% લોકો બહારગામ મજૂરી કરવા માટે નીકળી ગયેલ છે. બાકીના છેલ્લા બે અઠવાડિયાથી રાહતકામ શરૂ થયું છે તેમાં જોડાઈને કામ કરે છે. તા.૨૫ એપ્રિલના રોજ બનેલ બનાવ અંગે તેઓના પત્ની હાંસીબેનની મુલાકાત લઈને ચર્ચા કરતાં જાણવા મળેલ કે મારો ઘરવાળો (પતિ) કામ ઉપર સવારે ગયો, સવારે કાળી ચા પીને કાલીકાંકર રોડ સાઈડના રાહત કામે ગયો હતો. બપોરે ૧૨.૦૦ રજા પડતાં પહેલાં પેટમાં સખત દુખાવો તથા બળતરા થવાના કારણે ૩૦મીનીટ વહેલો છૂટીને પોતાની દિકરી સીતા સાથે ઘરે આવવા નીકળી પડયો. ત્યાર પછી આંજણી આશ્રમશાળા પછી થોડે જ આગળ લીમડાના ઝાડ નીચે ઢાળ ચઢતાં ચક્કર આવી જતાં ત્યાં પડી ગયેલ, જયારે તેઓની દિકરી ઘરે પહોંચી અને તેની માતાના [illegible] અને થોડીવાર પાણી-પાણીની બૂમ પાડી. પાણી પીવડાવતાં પીવડાતાં તે બાળાનો [illegible] ગયો તેમ સાયબાભાઈના પિતાશ્રી જણાવે છે. જયારે સાયબાભાઈ તો લીમડાના ઝાડ

ીચે બેભાન અવસ્થામાં પડયા હતા. કુટુંબીઓ તથા મજૂરો આવી ગયા અને સારવાર માટે વાત ઈ પણ ઘણો સમય વીતી ગયો, સાધન કે કોઈ દવાખાનાના સાધનની કે હોસ્પિટલની કંઈ જ ારવાર નહીં થતા ભૂખથી તરફડીયાં મારીને સાયબાએ બહુ જ પગ પછાડયા આખરે ભૂખથી ટમાં જ્વાળા જાગી ઉઠી અને તે પણ દેવને શરણે થયો.

સાયબાને કંઈ થયુ હતું ? તેઓએ પિતા તથા પત્ની હસીબેને જણાવેલ કે સવારની કાળી ા પાધી હતી, રાત્રે મકાઈના રોટલાના કટકા એટલે કે એક ચર્તુથાંશ એટલે કે રોટલાનો ચોથો ાગ જ ખાધો હતો. અમારા ઘરમાં છેલલા બે દિવસથી ખાવાનું કંઈ જ નહતું. ખાનગી દુકાનેથી ીક મકાઈ લાવ્યા હતા. તેઓના પિતા હરસનભાઈને પૂછયું કે તમે વધારે અનાજ કેમ ન લાવ્યા ? થા ખાનગી દુકાનેથી કેમ લાવ્યા ? સાયબાભાઈના પિતા તથા કાકા ફોજાભાઈએ જણાવેલ કે મારી પાસે સરકારી સસ્તા અનાજની દુકાનમાંથી ખરીદવા માટે આખા મહિનાનું અનાજ કે ચોખા- ાઃ ખરીદવા જેટલા પૈસા હતા જ નહીં. સસ્તા અનાજમાં જે ઘઉં-ચોખા બહુ જ હલકા પ્રકારના ને રફ મળે તથા બજાર કરતાં વધુ પૈસા ચુકવવા પરે છે. જ્યારે બજારમાં મકાઈ ચોખ્ખી મળે ણ ભાવ ઘણો ઊંચો આપવો પડે જે માટે અમારી પાસે પૈસા હોતા નથી. વળી સસ્તા અનાજના કાનદાર મહિનામાં એકાદ બે દિવસ દુકાન ખોલે છે તે પોશીના રહે છે. થોડા ઘઉં અનાજ, રોસીન વેચી દે પછી આવતા મહિને આવજો માલ ખલાસ થઈ ગયો આવે ત્યારે આવજો એમ હી અમને ભગાડી દે છે.

મરનારની વૃદ્ધ માતા કોદરીબેનને પૂછતાં જણાવેલ કે મરનાર મારો દિકરો સવારમાં કામ પર ગયો ત્યારે અમારા ઘરમાં ખાવા માટે કંઈ જ પણ ન હતું. આથી દુધ વગરની ચા પીને મે ગયો હતો. ભૂખને કારણે મરણ થયુ નથી તે બતાવવા ઘરમાંથી રોટલા હોવાની સરકારી ણસોએ રજૂઆત કરી છે તે અંગે તેણે જણાવેલ કે પોતાના પતિના અવસાનના સમાચાર જાણી તી રડતી લીંમડા નીચે પડેલા પતિ પાસે પહોંચી અને બીજી બાજુ નાનાં નાનાં બાળકો આ ત જાણતાં ગભરાઈને બહુ જ જોર જોરથી રડવા લાગેલાં. ઘરની પાસે રહેતાં પડોશી બહેન ...નો અવાજ સાંભળી દોડી આવ્યાં અને જોયુ તો એક નાની દિકરી મૃત્યુ પામી હતી, ...ા ટળવળતા હતા. ઘરથી થોડે દૂર રોડના બાજુમાં લીંબડાના ઝાડ નીચે જીવન-મરણ

વચ્ચે પતિ ઝોલા ખાઈ રહ્યો હતો. આ સ્થિતિ જોઈને તે બાઈ મકાઈના બે રોટલા બાળકો માટે લઈ આવી. સાંત્વન આપતાં આ બે રોટલા નાનાં બાળકો માટે લાવી હતી તે જ રોટલા ઘરમાં પડયા હતા. સાયબાભાઈ પણ હવે કંઈ જ સારવાર ન મળતાં મૃત્યુ પામ્યા હતા.

આગળ વાત ચલાવતા કહે કે સરકારે જાહેરાત કરી કે બે રૂપિયે કિલોવાળા ઘઉં, પાંચ કિલો જ આપે છે, ચોખા મળતા નથી. રાહતકામ આંજણીમાં ૨ અઠવાડિયાથી ચાલુ હતુ છતાં પગાર મળ્યો હતો નહીં. હોળી પહેલાં જે કામ ચાલતુ હતુ તેમાં રૂ. ૧૦ થી ૧૨ રોજી મળતી હતી. સાયબાભાઈની જુવાનજોધ વિધવા પત્ની હસીબેન પોતાની એક વર્ષની નાનકડી દિકરીને હૈયા સરસીચાંપી સ્તનપાન કરાવતી હતી પણ તેનામાં દુધનો છાંટો પણ આવતો ન હતો. આખો દિવસ છાતીએ ચાંપીને રાખે છે છતાં દૂધ મળતુ નથી. અહિ બધાં જ કાળી ચા પીવે છે. મકાઈના લુખ્ખા રોટલા ખાય છે. અમારૂં ગામ છુટું છવાયુ છે. ઘરોમાં લાઈટ નથી, પીવાનું પાણી નથી, બસની પૂરતી સુવિધા નથી. આજે દિવસ ૧૨ થયા પછી શોકથી સૌ રડયા કરે છે.

ગરીબી હટાવો ના નારા શહેરોની ગલીઓમાં સારાં લાગે છે. ત્યાં વળી કોઈ બોલ્યા કે કચેરીમાં બેસીને યોજનાઓ-સહાયની વાતો કરવી સહેલી છે. સરકારી ચોપડા ખોટું બોલે છે પણ ભગવાન તો જુવે જ છે. રડતાં રડતાં કહે છે "બે ટંક તો શું ? છેલ્લા ૬ માસથી એક ટંક ભરપેટ ખાવાના સાંસા છે" પાસે જેટલા રૂપિયા હોય તેટલુ જ લવાય છે. હસીબેન કહે છે સાહેબ ઘર છોડીને ક્યાંક જતી રહું અને ફરિ વિચાર આવે છે કે રામજી, સુરતા, સંગી અને અંજુને મૂકીને ક્યાં જાઉં ? મારા ઘરમાં હવે કોઈ મરદ રહ્યું નથી, છોકરાં મોટાં કરવાના છે, અહિં જ રહેવું પડશે. આગળ પૂછયું કે મોટા સાહેબોએ પૈસા આપ્યા છે કે નહીં ? થોડો વિચાર કરીને કહ્યું કે એક સરકારી કાગળિયું (ચેક) મળ્યો છે તે મારા સસરા પાસે હતો અને ગઈકાલે જ પોશીના બેંકમાં જમા કરાવેલ છે. તેમાં રૂા. ૧૦,૦૦૦/- ની રકમ ભરેલી હતી. પોતાનું ખેતર બતાવતાં, કહ્યું કે બે ચોમાસાં ગયાં છે થોડો થોડો વરસાદ થયો અને ચોમાસુ પાક બે વાર નિષ્ફળ ગયો. છેક ઓગષ્ટથી દુષ્કાળ પડયો છે. ઢોર મરી ગયાં છે અને માણસ પણ મરી રહ્યાં છે. સરકાર કંઈ આલતી જ નથી. તેઓની સાથે સંવાદ કરતાં જણાવેલ કે આવુ અન્ય કયાં કયાં સ્થળે છે તો તેમણે કાલીકાંકર, જાજનાડ, દંત્રાલ, આંબામહુડા, અજાવાસ, ચાગોદ, જેવા છૂટાછવાયા ગામોમાં

ઢોર તો ક્યારનાંય ઘાસ વગર મરી ગયાં છે. માણસ મરવાના વાંકે જીવે છે તેમ તેઓ જણાવે છે. રડતાં રડતાં કહે છે કે સરકાર સહાય કરે તેવી વ્યવસ્થા કરવા જણાવે છે. હસીબેન પાછા રાહતકામે જવાની શરૂઆત કરી રહ્યા છે અને વિધવા પેન્શન તરીકે તેમને ૬૬૦ રૂ. મળ્યા છે તથા જિલ્લા કોંગ્રેસ સમિતિ તરફથી રૂ.૫૦૦/- મળ્યા છે. ત્યાર પછી કંઈ જ મળ્યુ નથી. મોટા મોટા ફોટા પાડવાના મશીનો લઈને આવે છે તેમાંથી સફેદ કપડાંવાળા સાહેબો આવીને મને કહે છે કે આંબાનાં પાન અને કેરી ખાવાથી મૃત્યુ થયુ છે તેમ કહેજે પરંતુ સાહેબ ભગવાન (કકાભાબાવશીના) સોગંધ ખાઈને કહુ છું કે "અમે માનવ છીએ. કેરીનું શાક ખાઈએ પણ આંબાના પાન ન ખઈએ, પગ ફૂટીને મરી જઈએ પણ આંબાના પાન ન ખાઈએ." સરકારના માણસો ખૂબ હેરાન કરે છે. તમે એલ્યુમિનિયમના વાસણમાં કેરીનું શાક રાખવાથી ઝેરી બન્યુ અને તે ખાવાથી મૃત્યુ થયુ અને સાથે સાથે સીવીલ હોસ્પિટલ હિંમતનગરના રિપોર્ટના આધારે આંબાના પાનનું શાક ખાવાથી ઝેર ઉત્પન્ન થતાં મરણ થવા પામ્યું છે. આ બન્ને હકીકતો વિરોધાભાષી છે. કેટલાકે કહ્યું કે આઘાત લાગવાથી બાળકો ભુખ્યા તરસ્યા હતા અને પકડી પકડીને બધાંને પરાણે હોસ્પિટલમાં લઈ ગયા હતા. અમને કંઈ જ છોકરાં કે મને ઝેર ચઢયું ન હતું. અહિં રોટલા સાથે ઝેર થયેલ કેરીનું શાક ખાવાથી મૃત્યુ થયુ. આ રીતે આ બન્ને હકીકતો ભિન્ન હોય તે જ પુરવાર કરે છે કે ભૂખમરાથી થયેલ મરણનો બચાવ કરવા ખાતર જ ઝેરી વસ્તુ ખાવાથી ઝાડા ઉલ્ટીથી મરણ થવા પામ્યુ એવુ ઉપજાવી કાઢેલ છે. સરકારની જવાબદારી વ્યક્તિએ સાયબાભાઈના પરિવારનું રેશનીંગ કાર્ડ બતાવીને જણાવેલ કે ૨૨મી એપ્રિલના રોજ આ પરિવારે ૬ કિલો ઘઉં, ૧ કિલો ખાંડ, ૧ કિલો ચોખા રેશનીંગ દુકાનથી ખરીદેલ છે. ખરેખર તપાસતાં સાયબાભાઈના નામનું રેશનીંગ કાર્ડ છે જ નહીં પરંતુ પિતાજી બુબડીયા હરશનભાઈ ભેમરાભાઈના નામનું કાર્ડ નં. ૨૨૨૬ છે. આ કાર્ડમાં કુલ ૧૨ વ્યક્તિઓનાં નામ છે જેમાં હરશનભાઈના પત્ની તેમના ત્રણ દિકરા તથા ત્રણ દિકરાની વહુના નામ છે એમ કુલ ૬ નામ છે અને બાકીના દિકરાના દિકરીઓ-દિકરાના છે. (પ્રપૌત્ર-પ્રપૌત્રીઓના નામ છે)

માહિતી મેળવતાં જાણવા મળેલ કે આ રેશનકાર્ડમાં વિતરણ કરાયેલ જથ્થાની જે વિગતનું પરિશિષ્ટ છે તે પરિશિષ્ટમાં કોઈ જ પાના ઉપર જવાબદાર વ્યક્તિએ રજૂઆત કરી છે તે મુજબ

છ કિલો ઘઉં, ૧ કિલો ખાંડ, ૧ કિલો ચોખા ખરીદયા હોવાની જે તે દિવસની જે તે પાના ઉપર રિમાર્કસ જોવા મળી નથી. મરનારની પત્ની તથા માતા સાથે પૂછપરછ કરતાં જણાવેલ કે આ કાર્ડ અમારી પાસે રહેતુ નથી. મરનારના પિતા પાસે આ કાર્ડ રહે છે. તેના ત્રણ દિકરા છે તેઓ દર મહિને વારાફરતી આ કાર્ડનો ઉપયોગ કરે છે. જે તા.૨૫ એપ્રિલે અવસાન થયુ તે દિવસે મરનારના નાનાભાઈ કીકાભાઈ હસનભાઈને કાર્ડ પર વસ્તુઓ લાવવાની હતી તેઓ તે દરમ્યાન અને હાલ કાર્ડ દ્વારા અનાજ લાવે છે અને ત્યારબાદ મરનારના મોટાભાઈ લાલુભાઈ હરશનભાઈનો વારો આવશે એટલે કાર્ડનું અનાજ તેઓ લાવશે અને એના પછી જ મરનારનો વારો આવશે. આ રીતે એક કાર્ડ વારાફરતી કાર્ડ માલિકના દીકરાઓ જ્યારે વાપરી રહ્યા હોય ત્યારે મરનાર ત્રીજા દીકરાનો વારો આવે ત્યારે જ તે કાર્ડમાંથી તેને અનાજ મળે. આ જાતનો ગોઠવણ જોતાં રરમી ના રોજ રેશનીંગ કાર્ડ દ્વારા જે ઘઉં, ચોખા અને ખાંડ ખરીદેલ છે તે ખરીદેલ અનાજ આ મરનારને ત્યાં ન આવ્યું હોય પણ તે તેના નાનાભાઈ કીકાભાઈ ને ત્યાં હોય.

હરસનભાઈ તથા કુટુંબીઓએ કહ્યું કે મરનારને ત્યાં સાંજે મામલતદાર તથા ટી.ડી.ઓ. ખેડબ્રહ્માથી આવ્યા હતા. એમણે અમારા જવાબો લીધા હતા. અમારા ઘરમાં રોટલા હતા તે તથા ટુકડા લઈ ગયા હતા. ઘરની કોઠી તથા થેલામાં જોયુ તો મુઠી અનાજ અમારી પાસે ન હતું. તેમની સાથે અને એના પછી પોલીસ પણ આવી હતી. તેઓએ ધમકાવીને જવાબ લીધા હતા. ઘણુ પૂછતા પણ નાની છોકરી રાહત કામ ઉપર કેમ ગઈ હતી તેમ પૂછતા જવાબ મળ્યો કે માતા-પિતા રાહત કામ કરે અને નાની છોકરી ૧ વર્ષની હતી તને રાખવા સાથે ગઈ હતી. આમ ત્રણે જાતના જુદા જુદા પ્રશ્નો પૂછીને અમારી કોરા કાગળ તથા કેટલાક લખેલા કાગળ ઉપર સહીઓ લીધેલી. શું લખેલ તે અમને ખબર નથી તેમ તેઓ જણાવે છે. ગરીબી, અજ્ઞાન હોવાથી કશું જ ખબર ન હોવાનું તેઓ જણાવે છે.

ઘઉં આ વિસ્તારમાં રૂ. ૧૬૦/- ૨૦ કિલો, મકાઈ રૂ. ૧૨૦/- - ૨૦ કિલો, કેરોસીન રૂ. ૧૫/- નું ૫ લીટર મળતુ હતુ તે એ રૂ.૩૦/-ની ૫ લીટર મળે છે? ખાંડ ૧૧.૫૦ પૈસે કિલો મળતી હતી તે રૂ. ૧૩ કિલો હાલમાં મળે છે. રાહત કામ ઉપર જતા મજૂરોને ત્રિકમ, પાવડા, દેગડા પોતાના ઘરના લઈ જવા પડે છે. અમને સરકાર આપતી નથી. હાલમાં આ જાણી ગામના

તળાવનું કામ પૂર્ણ થયેલ છે. કાલીકાંકર, આંજણી રોડનું રાહત કામ ચાલુ છે. પુરતો પગાર મળતો નથી. ગેંગબુકોની ચકાસણી કરતાં અગાઉના અઠવાડિયાના પગારો (૫ દિવસના) દિવસના રૂ. ૬/- થી ૧૦/- વચ્ચે રોજી પડતી હતી. એક બાજુ મોંઘવારીનો આંક, વેતનદર રૂ. ૪૦/-ની વાત આ અહિં મેળ ખાતો નથી પરંતુ ઉધુ ચક્કર હોય તેમ જણાઈ આવે છે. આ વિસ્તારના રૂબરૂ ગામો રાહતકામો તથા ઘરની અંદરની કોઠીઓ, દિવસમાં તેઓ શું ખાય છે તો એક ટંક ભૂખ્યા અને મકાઈ લાલ પાણીમાં બાફીને મરચુ ભભરાવીને ખાતા હોવાનું જણાવે છે. શાક કદાચ અઠવાડિયે એકાદ વખત ખાધુ હોય તેવુ મોટાભાગના જણાવે છે. અમારે ત્યાં ઓગષ્ટ-સપ્ટેમ્બરથી દુષ્કાળ શરૂ થયેલ છે. સરકારે અમારી ક્યારે ખબર પૂછી નથી.

રૂબરૂ મુલકાત કરતાં વાત આગળ ચાલે છે અને જરૂરી ફોટાઓ પણ લીધા છે. તેમના ઘરની અંદર કોઠીમાં જોતાં કણ દાણો ન હતો, જો આખા ઘરની ઘરવખરી ઘર સાથે જોઈએ તો રૂ. ૧,૦૦૦/- આશરે થાય તેમ સ્પષ્ટ જણાઈ આવતુ હતું. ઘરમાં ઘંટી, વાસણ બે-ચાર સિવાઈ કશું જ ન હતું. કોઠી તદન ખાલીખમ, કાચુ મકાન, સાવ નિર્લજ અવસ્થામાં હતું. તા.૨૫મી બપોરની ૧૧.૩૦ની બન્ને જણની લાશ ખાટલામાં પડી હતી. રાત્રી પોતાનું સ્થાન લઈ રહી ત્યાં સુધી સરકારી મશીનરીએ જોઈએ તેટલાં પગલાં લીધાં ન હતાં. મામલતદાર, ટી.ડી.ઓ, પોશીનામાં જ હતા અને તા.૨૬ એપ્રિલ, ૨૦૦૦ થઈ ગયેલ સવારના ૮ થી ૯ના સમય એટલે કે લગભગ ૨૦ કલાક લાશને જે તે સ્થળે વીતી ગયા હશે છતાં પણ પોસ્ટમોર્ટમ માટે એમ્બ્યુલન્સની કંઈજ વ્યવસ્થા થઈ શકી નહીં. ખેડબ્રહ્મા વાન લેવા કોણ જાય, પોસ્ટમોર્ટમ કરીને ખેડબ્રહ્મા પાછી ગામમાં લાવે ત્યાં સુધી સાંજના ઓછામાં ઓછા ૪-૦૦ વાગી જાય. આ પરિસ્થિતિમાં સરકારી તંત્ર સાવ નિષ્ફળ જણાયુ હોવાનું તેઓ જણાવતા હતા. સાયબાનું મૃત્યુ ભૂખથી નથી થયુ તેવું પ્રસ્થાપિત કરવા કે કંઈક જુદુ આયોજન કરવા વિચારતા હોય તેમ જણાઈ આવેલ. અને છેવટે તેઓએ પોસ્ટમોર્ટમ કરેલ તેમાં તેઓ બે વિધાન કરેલ કે કેરીનું શાક એલ્યુમીનીયમના વાસણમાં રાખીને ખાવાથી ઝેરી બનવાથી મૃત્યુ પામેલ અને બીજો મત આંબાના કુણા પાન ખાવાથી મૃત્યુ પામેલ. પરંતુ અમારી કુટુંબ સાથે જે ઉપરોક્ત વિગતો પ્રાપ્ત કરી છે અને માનવતાના રાહે ચોખ્ખી તપાસ કરતાં નથી તેઓએ કેરીનું શાક ખાધુ કે આંબાના પાન પણ ખાધા નથી. આ નિદાન ઉપજાવી

કાઢેલ છે. એક નાનો ટુકડો ખાધો બાકી પેટ ખાલી હતુ અને પાણી પીધુ પેટમાં લાગી આવ્યુ અને ભૂખ ન સંતોષાતાં રસ્તામાં પડીને મૃત્યુ થયેલ છે.

અહિં એક બાજુ રૂ. ૪૦- રોજી મળતી હોવાની વાત થાય છે પરંતુ ખરેખર રૂ. ૪૦ - તો બાજુએ રહ્યા પણ ૬ માણસની એક ગેંગ ૬ મીટર લાંબી, ૬ મીટર પહોળી અને ૧ મીટર ઊંડી ચોકડી ખોદીને ૨૫ ફૂટ દૂર અને ૫ ફૂટ ઊંચે જઈને નાંખે ત્યારે એને રૂ. ૨૪.૬૦ પૈ. ના ભાવ મળે છે. આખા પોશીના પટ્ટામાં એક પણ ગેંગને પહેલાં અને હાલમાં પણ મોટાભાગના વિસ્તારમાં રૂ. ૪૦.- રોજના મળતા નથી. પાણીવાળા થ્રેસરને રૂ. ૪૦/- મળે છે. ૫૦૦ મજૂરો હોય તો ત્યા ૧૦ પાણીવાળી હોતી નથી. ઠંડા માટલાં, છાંયડો કે અન્ય કંઈ સુવિધા હોતી નથી. મજૂરો તગારામાં ૨ કિ.મી. દૂર જઈને પાણી લાવીને પીવે છે. તેઓના ભોજનમાં મકાઈના રોટલા તથા મરચુ જોવા મળે છે. અત્યારે પોશીના પટ્ટામાં ઘેર ઘેર સાયબાભાઈની કહાણી છે. હજી જો સમયસર આ વિસ્તારમાં સુખડી, અનાજ, ઘાસ, પાણી આપવાની વ્યવસ્થા કરવામાં ન આવે તો ઘેર ઘેર મોત થશે તે દિવસો દૂર નથી તેમ મુલાકાતથી સ્પષ્ટ જણાઈ આવે છે.

આ સાથે સ્વૈચ્છિક કોઈ સંસ્થાએ કે ત્યાં કામ કરતી અન્ય સંસ્થાઓએ આ કુટુંબને કશી જ મદદ કરી નથી. આદિવાસીઓની સેવા કરતી સંસ્થાઓ મદદ કરી શક્યા નથી. જેથી સ્થાનિક આદિવાસીઓએ સંસ્થાઓને પૂછવું જોઈએ કે અમારાં વિસ્તારમાં આદિવાસીઓના કલ્યાણનુ શું કામ કરો છો તે તપાસવાનો સમય આવી ગયો લાગે છે.

**રાહતકામ પરની પરિસ્થિતિના લોકોના પ્રતિભાવો :**

તપાસ હેઠળના ગામો તપાસના સમયે રાહતકામ હેઠળ કોઈને કોઈ સ્થળે આવરી લેવાયેલાં હતાં. જો કે સમગ્ર રીતે દુષ્કાળની પરિસ્થિતિ વર્ષ દરમ્યાન પ્રવર્તતી હોવા છતાં જુદા જુદા સમયે કોઈને કોઈ તબક્કે દરેક સ્થળે ઓછાવત્તા સમય માટે કામ બંધ રહ્યું જ હતું અને મજૂરોને અમુક સમયે રોજી વિના રહેવુ પડયું હતું.

તપાસના સમયે ખેડબ્રહ્મા તાલુકાના પોશીના વિસ્તારના અંદરના ગામોમાં રોડ પર તળાવ પર તથા ડુંગરોની તળેટીમાં મોટા ચેકડેમ વગેરે રાહતકામની કામગીરી ચાલુ હતી. આસતત ત્રીજા

દુષ્કાળનું વર્ષ હોવા છતાં સરકાર કોઈને કોઈ રાહત કામો પુરા પાડશે અને એના દ્વારા લોકો તો જીવતા રહેશે અને કોઈ ભૂખમરાથી તો નહીં મરે એવો વિશ્વાસ જોવા મળતો હતો. છતાં પણ બંને ગામોમાં ટાઈમસર પગાર ન મળતાં ભૂખમરાથી મૃત્યુ થયુ હતું. ઢોરોના ઘાસચારાની ગમેતેટલી ખાતરી આપવામાં આવતી હોય તો પણ તે આ દુષ્કાળના વર્ષમાં નહીં પુરી પાડી શક અને પરિણામે આ વર્ષે ઉનાળામાં સેંકડો ઢોરો ગામેગામ મરી ગયાની વિગતો સ્પષ્ટ જોવા મળતી હતી. દર પચાસ મજૂરે એક ડ્રેસર રાખવામાં આવે છે જે સમારકામ કરે છે અને ૧ પાણીવાળી રાખવામાં આવે છે તે સિવાઈના બાકીના મજૂરોને પુરો સમય મજૂરી કરવા છતાં પુરી રોજી મળતી નથી તેમ તેઓ જણાવતા હતા.

મજૂરી સામાન્ય રીતે અઠવાડિયે ચૂકવવાનો નિયમ છે. આ અઠવાડિયે માપણી થાય અને આવતા અઠવાડિયે તેની ચૂકવણી થવી જોઈએ તેવી વ્યવસ્થા ગોઠવાયેલી છે. પણ હકીકતે ઘણી બધીવાર આ ચૂકવણી થતાં એકાદ મહિનાનો સમય નીકળી ગયો હોય તેવા કિસ્સા પણ જોવા મળ્યા હતા. આ અંગેની તાલુકા સ્થળે તથા અન્ય રાહત અધીકારીઓ સાથે તપાસ કરતાં તેમની પાસે અછત રાહતના કામને પહોંચી વળવા માટે માપણી કરનાર સુપરવાઈઝરો અને પગાર કરનારાનો પૂરતો સ્ટાફ ન હોવાનું જણાવાયુ હતું. રાહતકામ પર મજૂરી માટેનાં સાધનો કોણ આપે છે એવા સવાલના જવાબમાં બધાએ વિસ્તારમાં પોતે લાવ્યા હોવાનું જણાવવામાં આવ્યું હતું.

કામના કલાકો અને સમય અંગેના પ્રશ્નના પ્રત્યુતરમાં સવારે ૬-૦૦ થી ૧૩-૦૦ કામ ચાલતુ હોવાનું જણાવવામાં આવ્યું હતું. મજૂરી સિવાઈ અન્ય કોઈ વસ્તુ આપવામાં આવે છે કે કેમ એવા પ્રશ્નના જવાબમાં સુખડી, ચણા, તાવની ગોળી, માથાના દુઃખાવાની ગોળી, પાટાપીંડી માટેની વ્યવસ્થા રાહતના સ્થળે કરવામાં આવી હોવાનું જણાવવામાં આવ્યું છે. દરેક રાહતકામના સ્થળે ૪ થી ૫ ગામના મજૂરો આવતા હતા.

મજૂરોમાં દર અંગેની વિગતો એકત્રિત કરતાં જાણવા મળ્યું હતુ કે મજૂરીના દરો માટીકામના પ્રકાર અને પ્રમાણપર આધારિત છે. સખત માટી, નરમ માટી, ઘનમીટર નરમ પથ્થર અને સખત પથ્થર વગેરેમાંથી સરકારના વેતનદરથી માંડ માંડ પૂરૂ કરી શકાય તેટલું જ મળતુ હોવાનું જણાવતા

હતા. મજૂરી તાલુકા પંચાયતમાંથી કેશીયર દ્વારા અથવા નિયત કરવામાં આવેલા પગાર અધીકારી દ્વારા ચૂકવાતી હોવાનું જણાવવામાં આવ્યું હતું.

જો રાહતકામો બંધ થઈ જાય તો શું થાય તેવા પ્રશ્નના પ્રત્યુતરની તારવણીનો સારાંશ નમૂના હેઠળના ગામોમાં એ છે કે ચાલુ દુષ્કાળના વર્ષમાંથી પાર ઉતરવાનો રાહતકામ જ એકમાત્ર મુખ્ય આધાર છે અને તે કોઈપણ સંજોગોમાં ચાલુ રહેવુ જોઈએ કેમકે ત્રીજો દુષ્કાળ હોઈ કેડ ભાગી ગઈ છે તેમ તેઓ કહેતા હતા. રાહતકામમાં પૈસા સાથે અનાજ માટે કુપનોથી ચૂકવાય છે તેમાં કોઈ સુચન હોય તો તે જણાવવા માટેના પ્રશ્નના પ્રત્યુત્તરમાં કેટલેક સ્થળે કૂપનમાં ગેરરીતિના પરીણામે અનાજના સ્વરૂપમાં થતી ચૂકવણી બંધ થઈ તે બરાબર ન થયુ હોવાનું અને ક્યારે પાછી કૂપન યોજના શરૂ થાય તેની હંમેશાં અનિશ્ચિતતાના લીધે રાહતકામમાં આવતા મજૂરો વધુ મુશ્કેલીમાં મૂકાયાં હોવાનું અને તેમને વધારે મોંઘા ભાવે બહારથી અનાજ ખરીદવુ પડતુ હોવાનું જણાવવામાં આવ્યું છે. પરિણામે કૂપનની વ્યવસ્થામાંની ક્ષતિઓ દૂર કરીને તે સત્વરે ફરીથી ચાલુ કરવી જોઈએ તેવુ સૂચન અને માંગણી ખેડબ્રહ્મા તાલુકાના પોશીના વિસ્તારના ગામોમાં થઈ છે.

પ્રકરણ - ૫

# તારણો અને સૂચનો

- તારણો
- સૂચનો

પ્રકરણ - ૫

# તારણો અને સૂચનો

**તારણો :**

(૧) ઉત્તર ગુજરાતના આદિવાસી વિસ્તારો પાણીની અછતવાળા વિસ્તારો છે. આ વિસ્તારોમાં જેમાં પાણીનો ઓછા પ્રમાણમાં ઉપયોગ થતો હોય તેવા પાકોને પ્રાધાન્ય આપવું જોઈએ.

(૨) સુકી ખેતી અથવા ઓછા વરસાદથી થઈ શકે તેવી ખેતી પ્રોત્સાહિત કરવી જોઈએ. પાણી એ ખૂબ કિંમતી સંપત્તિ છે અને તેનો સિંચાઈમાં કરકસર પૂર્વક ઉપયોગ થવો જોઈએ.

(૩) ભૂતકાળમાં પાણીની અછતવાળા આદિવાસી વિસ્તારો છે ત્યાં ટ્યૂબવેલ, બોરીંગ, સબમર્શીબલ મોટર જેવી આદિવાસીના આર્થિકગજામાં બિલકુલ બહારની સિંચાઈ સાધનોએ આ વિસ્તારની આર્થિક પાયમાલી નોતરી રહ્યા છે. આ સાધનોને બદલે એને પોષાય તેવા એની ગજાબહારનો ન હોય એવાં અને અનુકૂળ આવે એવાં સાધનોનો ઉપયોગ એ વિસ્તારમાં પ્રચલીત બને. દા.ત. સારણી પદ્ધતિ અને જેમાં લોખંડના એકપણ ખીલાનો ઉપયોગ ન થયો હોય એવી રહેંટની પદ્ધતિએ પોશીના - વિજયનગરની આદિવાસી પટ્ટીની સિંચાઈક્ષેત્રની આગવી લાક્ષણિકતાઓ છે.

(૪) ગુજરાતને છેલ્લા કેટલાક દાયકાઓમાં ન જોયો હોય તેવો સતત ત્રીજા વર્ષમાં લંબાયેલા દુષ્કાળનો સામનો કરવાની પરિસ્થિતિ તેની સામે આવી પડી છે. આ પરિસ્થિતિ સામે અછત રાહતનું તંત્ર, કેન્દ્ર, રાજ્ય, જિલ્લા, તાલુકા અને ગ્રામકક્ષાએ સૈદ્ધાંતિક દ્રષ્ટિએ તો ઠીક ઠીક અસરકારક કહી શકાય એવું ગોઠવાયુ છે. પણ પ્રત્યક્ષ વ્યવહારમાં તેના અમલીકરણમાં અનેક કક્ષાએ કેટલીક ગંભીર ક્ષતિઓ જોવા મળે છે.

(૫) મોજણી દરમયાન માપમાં બનાવટી ગેંગો દ્વારા ગેરરીતિઓ થતાં હોવાની ફરિયાદો મજૂરો તરફથી કરવામાં આવી હતી. મસ્ટર કારકુનને તેમજ સર્વેયરને ગેંગદીઠ પૈસા આપવા પડતા હોવાની ફરિયાદ પણ થઈ હતી.

(૬) આ ત્રીજા દુષ્કાળમાં ભૂખમરાથી માનવનું મૃત્યુ થયુ અને પશુધનના ઠીક ઠીક પ્રમાણમાં ખુવારી થઈ છે. ગયા વરસે ભૂખમરાથી અને રોગચાળાના કારણે તપાસ હેઠળનાં ગામોમાં થયેલી ખુવારીના આંકડાઓ અગાઉ આપણે જોઈ ગયા છીએ તે પ્રમાણે પ્રમાણ ઉંચુ છે તેમ કહી શકાય.

(૭) સરકાર તરફથી પણ ઢોરવાડાની જાહેરાત જરૂર કરવામાં આવી છે પણ આવો કોઈ ઢોરવાડો તપાસ હેઠળના ગામોમાં કે તેના નજીકના વિસ્તારમાં શરૂ થયાનું ગ્રામજનોના જાણમાં નહોતું.

(૮) યુદ્ધના ધોરણે હેન્ડપંપો રીપેર કરાવી ચાલુ કરાવવા જોઈએ. ધોમધખતા તાપમાં મોટાભાગના રાહતકાર્યો ઉપર છાંયડાની વ્યવસ્થા જોવા મળતી નહતી.

(૯) પૂરતા પ્રમાણમાં પશુઓને પીવાનું પાણી ન મળવાના કારણે અને ઘાસચારો ન મળવાના કારણે મોટા પાયે પશુ મૃત્યુ પામ્યા છે.

(૧૦) દુષ્કાળમાં જે વનસંપત્તિ નાશ પામી છે તેના નવસર્જન માટે વનખાતુ અને મહેસુલ ખાતુ બન્ને સાથે રહીને પરામર્શ કરીને વર્ષાઋતુમાં નવા રોપા રોપીને પ્રાથમિકતા આપવી જોઈએ.

(૧૧) અરવલ્લીની હારમાળામાં રહેતા આ આદિવાસીઓ મજૂરી કરવા માટે કેટલાએ કિલોમીટર દૂરથી રાહતકામ કરવા આવતા હતા.

(૧૨) તેઓના ઘરનાં બાળકો, વૃદ્ધો અને પશુ માટે પીવાનું પાણી અને રહન-સહન કરવામાં ઘણી તકલીફ પડતી હોવાનું ગણાવતા હતા. તો કેટલાક નાના બાળકોને સાથે રાખીને ધમધોખતા તાપમાં મજૂરી કરતા જોવા મળ્યા હતા.

(૧૩) પહાડી પ્રદેશમાં જ્યાં રાહતકામ ચાલતુ હોય ત્યાં પાણીની વ્યવસ્થા હોતી નથી ત્યાં આગળ મળે તેવી વ્યવસ્થા કરવી જોઈએ.

**સૂચનો :**

(૧) રાજ્ય સરકારે સામાજિક સંસ્થાઓ, સ્વૈચ્છિક સંગઠનો અને રાજકીય પક્ષોનો સાથ સહકાર લેવો જોઈએ. રાજકીય પક્ષોએ મતભેદો, રાજકારણ બાજુ પર મૂકીને આ ભગીરથ કાર્યને પહોંચી વળવા સરકારને પૂરો સહકાર આપવો જોઈએ. આ ઉપરાંત સરકારે પણ પક્ષીય વલણનો ત્યાગ કરીને રચનાત્મક અભિગમ અપનાવવો જોઈએ.

(૨) છાંયડાની વ્યવસ્થા રાહતકાર્ય ઉપર કરવી જોઈએ.

(૩) રાહતકામ ઉપર પીવાનું ચોખ્ખું પાણી મળી રહે એવી વ્યવસ્થા ટેન્કર મારફત કરવી જોઈએ.

(૪) જંગલના નવસર્જન માટે વનખાતુ અને મહેસુલખાતુ બંને સાથે રહીને પરામર્શ કરીને વર્ષાઋતુમાં નવા રોપા રોપીને પ્રાથમિકતા આપવી જોઈએ.

(૫) ક્ષેત્રકાર્ય દરમ્યાન જાણવા મળ્યું કે તેઓનો મુખ્ય ખોરાક મકાઈ છે તે સસ્તા અનાજની દુકાનમાંથી અઠવાડિયામાં બે વખત આપવામાં આવે તો રાહતકામ કરતા આદિવાસીઓમાં મૃત્યુ થવાની શક્યતા ઘણી ઓછી રહે છે.

(૬) સગર્ભા મહિલાઓ તથા વૃદ્ધ પુરૂષોને દુષ્કાળમાં નિયમિત રીતે ભથ્થુ મળવું જોઈએ અને સરકારે તે રીતની વ્યવસ્થા ગોઠવવી જોઈએ.

(૭) સરકારશ્રીએ ચણા, ગોળ, સુખડીની વ્યવસ્થા કરેલી હોવા છતાં પોષક આહાર માટેનો નિયમિત જથ્થો રાહતકામ પર પહોંચે તેવી વ્યવસ્થા ખાસ કરવી જોઈએ.

(૮) દરેક ગામમાં બાલવાડી, આંગણવાડી રાખેલી છે ત્યાં નાનાં બાળકોને રાખવાની વ્યવસ્થા કરવી જોઈએ.

(૯) દુષ્કાળની શરૂઆત થાય કે તરત જ રાહતકામગીરી શરૂ કરવી જોઈએ જેથી માણસોનો જીવ બચી શકે અને પશઓના જીવ બચી શકે.

(૧૦) રાહતકામો વરસાદ આવે કે તુરત બંધ કરવામાં આવે છે તેના બદલે વરસાદ આવ્યા બાદ એકાદ માસ ચાલુ રાખવામાં આવે તો ખેતર માટેનું બિયારણ લાવી શકે, સારા પાકની વાવણી થઈ શકે, બાળકોને શાળાએ મોકલી શકાય, પશુઓને ઘાસચારો આપી શકાય અને પોતાના ઘરનું પુનઃસ્થાપન સારી રીતે કરી શકે.

(૧૧) કૂપનોમાં થતા ગોટાળા બંધ કરવામાં આવે, સત્વરે અનાજના સ્વરૂપમાં થતી ચૂકવણી ચાલુ કરવી જોઈએ. દા.ત. આંધ્રમાં ચોખા, તેલ સાથે રાહતના ભાવે કપડું વગેરે અપાય છે. તેવી વ્યવસ્થા અહિં પણ રાહતકામોમાં મજૂરો માટે થઈ શકે.

(૧૨) આવા દુષ્કાળગ્રસ્ત સંજોગોમાં આ વિસ્તારમાં રાહત દરે શક્ય તેટલા વિશેષ પ્રમાણમાં ઘાસ મળે તે પ્રકારની વ્યવસ્થા તેમજ જે ગ્રામજનોની માંગણી હોય તો ઢોરવાડા ચાલુ થાય તે પ્રકારની વ્યવસ્થા વિચારવી જોઈએ.

(૧૩) રાહતકાર્ય કામદારોનું શોષણ ન થાય, છેતરાય નહીં તેમના કામની માપણીના કાર્યને સમજતા થાય અને જાતે માપતા અને ગણત્રી કરતા થાય તેવા વર્ગોનું તેમજ જાગૃતિ આણવાનું પણ આયોજન થઈ શકે.